**સુવિચાર**
''આપણે લણવું હશે તો વાવવું પડશે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૯/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ ભાદરવા વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૨૨૮

SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાધ્ધપક્ષ નિમિતે...
ચુરમાના લાડુ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## કૃષિ રાહત પેકેજમાં માત્ર કપાસમાં નુકસાનનો સમાવેશ અન્ય ખેતીપાકોની બાદબાકીથી રોષ

# સાવરકુંડલા : ખેડૂતોને સહાય આપો, ખેડૂતોને ન્યાય આપોના નારા બુલંદ બન્યા

**તાલુકા કોંગ્રેસ સમિતિનાં નેતૃત્વમાં ખેડૂતોએ 'જય જવાન જય કિસાન'નાં નારા સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું**

**કૃષિ પ્રધાન દેશમાં કૃષિકારોને હંમેશા કોઈને કોઈ બાબતે સતત અન્યાયનો જ સામનો કરવો પડે છે**

**મોટાભાગનાં રાજનેતાઓ ખેડૂત પુત્ર હોવા છતાં તેઓ પણ ખેડૂતોને ન્યાય અપાવી શકતા નથી તે હકીકત છે**

**૧૫ દિવસમાં રાહત પેકેજમાં સુધારો કરવામાં ન આવે તો કોંગ્રેસ પક્ષની આંદોલનની ચીમકી**





સાવરકુંડલા, તા. ૮
સાવરકુંડલા ખાતે ખેડૂતો રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. ૨૦૨૪ની અતિવૃષ્ટિથી થયેલાભારેનુકસાનઅંગેરાજયસરકાર દ્વારા જાહેર કરાયેલા કૃષિ સહાય પેકેજમાં થયેલી વિસંગતતા મુદ્દે ખેડૂતો ભારે રોષિત બન્યા. રેલી દરમિયાન ખેડૂતો "જય જવાન જય કિસાન", "ખેડૂતોનેસહાયઆપો,ખેડૂતોનેન્યાય આપો" જેવાનારાસાથેસુત્રોચાર કરતા મામલતદાર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું.

ખેડૂતોનોઆક્ષેપછેકેસરકાર દ્વારાજાહેરકરાયેલાસહાયપેકેજમાંમાત્ર કપાસ પાકના નુકસાનને જ આવરી લેવામાંઆવ્યોછે,જયારેમગફળી,તલ, દાળસહિતનાઅન્યપાકોનીઅવગણના કરવામાં આવી છે. ખેડૂતોનું કહેવું છે કે અતિવૃષ્ટિથીતમામપાકોનેનુકસાનથયું છે, તેમ છતાં સરકાર દ્વારા માત્ર કપાસ પાકનેજપેકેજમાંસામેલકરવુંખેડૂતોસાથે અન્યાયસમાનછે.

આંદોલનમાંકોંગ્રેસપક્ષપણ ખેડૂતોની સાથે ઊભો રહ્યો છે. તાલુકા કોંગ્રેસપ્રમુખનરેશદેવાણીએજણાવ્યુંકે, "સરકારે તાત્કાલિક તમામ પાકોને સહાય પેકેજમાં સામેલ કરી ખેડૂતોને ન્યાય આપવો જોઈએ. જો આગામી ૧૫દિવસમાંયોગ્યસુધારાનહીથાય

**અનુસંધાન પાના ૬ ઉપર**

### એ દિવસો દુર નથી કે સિંહો ટાવરે લટાર મારતા હોય

## અમરેલીમાં સાવરકુંડલા માર્ગનાં રેલ્વે ફાટકથી થોડે દુર નદી વિસ્તારમાં ૭ સિંહોનું આગમન

**નદી કાંઠે બાબુભાઈ ધાનાણીની વાડી નજીક ગાયનું કર્યુ મારણ**

અમરેલી, તા. ૮
અમરેલી શહેરની નજીકનાં બાબાપુર સહિતનાં ગામોમાં સિંહોનો વસવાટતો છે પરંતુ હવે, સિંહ શહેરમાં પણ આવતા થયા હોય ભવિષ્યમાં ટાવર કે ડો. જીવરાજ મહેતા ચોકમાં લટાર મારે તો પણ નવાઈ નહી રહે



તેવુ લાગી રહયુ છે.

ગઈકાલે સાવરકુંડલા માર્ગનાં રેલ્વે ફાટકથી દુર નહી રેલ્વે લાઈનના ગડર ઉપર બાબુભાઈ ધાનાણીની વાડી નજીક ૭ સિંહોનું આગમન થયાનું અને એક ગાયનું મારણ કર્યાની ચર્ચાએ જોર પકડેલ છે.

### રાજય સરકારનું વહીવટી તંત્ર કઈ રીતે સહાય કરે છે તે સમજાતું નથી

## લીલીયા મોટા પંથકમાં કૃષિ રાહત પેકેજમાં ખેડૂતોને અન્યાય થતાં અનેક સરપંચો રોષે ભરાયા

**દરેક ગામોમાં નુકસાન હોવા છતાં અમુક ગામોની બાદબાકીથી નારાજગી**




લીલીયા, તા. ૮
લીલીયા મોટા સરપંચ એસોસિએશનના પ્રમુખની આગેવાનીમાં અતિવૃષ્ટિ ૨૦૨૪ માં સહાયમાં બાકી રહેલા ગામોનો સત્વરે સમાવેશ કરવાની તેમજ લીલીયા તાલુકાના તમામ ગામોના સરપંચો તથા ખેડૂતો દ્વારા ઉગ્ર રજૂઆત કરી તાત્કાલિક રહી ગયેલા ગામનો સમાવેશ થાય તથા ગાગડીયા તથા શેત્રુંજી ની આસપાસના અમુક ગામોનો સમાવેશ કરેલ તથા તેમને અડીને આવેલ આજુબાજુના બેથી ત્રણ કિ.મી. ના ગામો છોડી દીધેલ છે તો તે ગામોનો તાત્કાલિક સમાવેશ કરવા અગાઉ પત્ર મારફત ઉગ્ર રજૂઆત કરવામાં આવેલ હોવા છતાં નકર પગલાં ન લેવાતા તાલુકા પંચાયત કચેરી ખાતે સરપંચો એકઠા થઈ રજૂઆત કરી આગામી દિવસોમાં સહાયથી વંચિત રહી ગયેલા તમામ ગામોનો જો સમાવેશ કરવામાં નહીં આવે તો લીલીયા તાલુકાના તમામ ગામના સરપંચો તથા ખેડૂતો દ્વારા આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં સ્પેશ્યાલિસ્ટ વિઝિટિંગ ડોકટરો
તા.૧૪/૦૯/૨૦૨૫ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ : (ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ) હૃદયરોગ નિષ્ણાંત
તા.૧૪/૦૯/૨૦૨૫ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. કોમલ ઉનડકટ : (ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) સ્ત્રી રોગ અને વ્યંધ્યત્વનાં નિષ્ણાંત
તા.૧૨/૦૯/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪ : ૩૦ થી ૫ : ૩૦
ડો.અલ્પેશ કિકાણી : (હિમેટોલોજીસ્ટ & ઓનકોલોજીસ્ટ) લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત
તા.૧૨/૦૯/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪ : ૩૦ થી ૬ : ૦૦
ડો.આકાશ માકડીયા : (પૌડિયાટ્રીક ઓર્થો.સર્જન) બાળકોનાં હાડકાનાં નિષ્ણાંત
તા.૧૩/૦૯/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૦ : ૦૦ થી ૧૨ : ૦૦
ડો. મનિષ પટ્ટણી : (ન્યુરો ફીઝીશ્યન) મગજના રોગોના નિષ્ણાંત
તા.૧૩/૦૯/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. કેનિશ સાવલીયા : (નેફ્રોલોજીસ્ટ) કિડનીના રોગોના નિષ્ણાંત
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
96,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૫૬

ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
• મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
• સર્જરી વિભાગ
• ઓર્થોપેડિક વિભાગ
• સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
• નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# અમરેલીના નાના ગોખરવાળા અને લીલીયાના આંબા ગામે થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

### પોલીસે રૂપિયા ૧.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



લીલીયા, તા. ૮

ગઈ તા. ૨૯/૮/૨૦૨૫ ના સવારના આશરે નવેક વાગ્યાથી બપોરના આશરે એકાદ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે ફરીયાદીના બંધ રહેણાંક મકાનમાં ગે.કા. પ્રવેશ કરી, ફરીયાદી તથા સાહેદના મકાનના રૂમોના દરવાજાના નકુચા તાળા તોડી રોકડ રકમ કુલ રૂા. ૩,૫૦,૦૦૦ તથા સોના ચાંદીના દાગીનાઓ કુલ રૂા. ૫,૨૧,૦૦૦ મળી કુલ કિ. રૂા. ૮,૭૧,૦૦૦ના મતાની ચોરી કરી લઈ ગયેલ હોવા બાબતે ની ફરીયાદી ખોડાભાઈ રવજીભાઈ સાવજ રહે. આંબાએ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજી. થયેલ. જે અનુસંધાને તપાસ દરમ્યાન ફરી.ના ઘરમાથી સોનાના દાગીના કુલ કિ. રૂા. ૨,૭૩,૫૦૦ના મુદ્દામાલ મળી આવેલ હોય. બાદ કુલ કિ. રૂા. ૫,૯૭,૫૦૦ના મુદ્દામાલની ચોરી થયેલનુ જણાયેલ. જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તેમજ નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈએ મિલ્કત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને મીલ્કત સંબંધી વણ શોધાયેલ ગુન્હાઓ ડીટેકટ કરી, ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ. ડી. સાળુંકેની રાહબરી હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે સદર ચોરીનો ગુન્હો ડીટેકટ કરવા અલગ અલગ ટીમો બનાવી ચોરીની સઘન તપાસ શરૂ કરવામા આવેલ જે અનુસંધાને ટેકિનકલ સોર્સ તથા સી.સી.ટી.વી. કેમેરાઓ તથા હ્યુમન સોર્સ આધારે એક શંકાસ્પદ મોટરસાઈકલ જણાતા જેને પોકેટકોપ મોબાઈલ ફોન મારફતે સર્ચ કરી મુળ મોટરસાઈકલના માલીક સુધી પહોચતા, આ કામના આરોપીઓને ગણતરીના દિવસોમા પકડી ચોરીઓના ગુન્હાઓનો ભેદ ઉકેલવામા લીલીયા પોલીસને સફળતા મળેલ છે. જેમાં ૧.૦૫.૮૧૦/ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડેલ છે.

**પકડાયેલ આરોપીઓની વિગત** (૧) ઉમેશભાઈ શેરૂભાઈ ઉર્ફે પાયો પરમાર રહે. અમરેલી., (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર આ કામગીરી લીલીયા પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર એમ.ડી. સાળુંકે તથા પોલીસ સબ ઈન્સ. વાય.એમ. જાડેજા તથા સર્વેલન્સ સ્કોડના હેડ.કોન્સ ભુજબલદાન ઈશ્વરદાન ગઢવી તથા હેડ કોન્સ. સંજયભાઈ કનુભાઈ રબારી તથા હેડ કોન્સ. રાઈટર અલ્પેશભાઈ ગોવિંદભાઈ શીયાળ તથા પો.કોન્સ. દિલીપભાઈ જયંતીભાઈ ખુંટ તથા પો.કોન્સ. સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજા તથા પો.કોન્સ. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ. પંકજભાઈ છગનભાઈ બગડા તથા પો.કોન્સ. પૃથ્વીરાજસિંહ અરજણભાઈ મોરી તથા એ.એસ.આઈ. સુનિલભાઈ અરવિંદભાઈ પટેલ તથા હેડ કોન્સ. મહેશભાઈ મધુભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ. દિનેશભાઈ રણછોડભાઈ ઝાપડીયા તથા પો.કોન્સ. વિકાસભાઈ કિશોરભાઈ જાદવ દ્વારા આ કામગીરી કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જવાબદાર અધિકારીઓની બેદરકારી વચ્ચે

# રાજુલા : ધારેશ્વર-વીજપડી માર્ગ ઉપર પાઈપલાઈન નાખનાર કોન્ટ્રાકરે માર્ગ તોડી પાડતાં સ્થાનિકોમાં રોષ

### સ્થાનિક માર્કેટયાર્ડનાં ચેરમેને મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૮

રાજુલા તાલુકાના ધારેર ધાતરવડી ડેમમાંથી નગરપાલિકા માટે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવા માટે ૠ ।ઉઈ વિભાગ દ્વારા પ્રાઈવેટ કંપની 'વીસી પ્રોજેકટ એન્ડ ઈન્ફ્રા' પ્રાઈવેટ નામની કંપનીના કોન્ટ્રાકટર મારફતે કામ છેલ્લા કેટલાક મહિનાઓથી ગોકળગતિએ ચાલતું હતું અંતે માર્ગ મકાન વિભાગનો રોડ તોડી તોડી પાઈપ લાઈન નાખવા માટેની કામગીરી શરૂ કરતા વિવાદ સર્જાયો છે અહીં સ્થાનિક સરપંચોથી લઈ આગેવાનો દ્વારા અવાર નવાર રજૂઆતો કરવા છતા કોન્ટ્રાકટર દ્વારા કોઈ ગંભીરતા લેવાતી નથી નાના મોટા અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે રાત્રીના સમયે બાઈક ચાલકો અંદર ઘુસી જાય છે સેફટીના સાધનો નથી ઉપરાંત સ્થાનિક લોકોએ તો કોન્ટ્રાકટર માથાભારે હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો જયારે હાલ મોટાભાગે માર્ગ ઉપર મોટી ગટરની સાથે માર્ગ મકાન વિભાગને મોટું નુકસાન કરી દીધુ છે તેમ છતા કોઈ કાર્યવાહી નહિ કરતા ભારે નારાજગીનો માહોલ સ્થાનિક વિસ્તારમાં ઉભો થયો છે.

રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ દ્વારા આ મુદ્દો ગાંધીનગર મુખ્યમંત્રી સુધી પહોંચાડવામાં આવ્યો છે આ જીયુડીસી વિભાગનું વી.સી. પ્રોજેકટ એન્ડ ઈન્ફ્રા પ્રા.લી નામની ખાનગી કંપની દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે પરંતુ પોતાના મનસ્વી વર્તનના કારણે વધુ વિવાદ વધ્યો છે કોન્ટ્રાકટરની ગંભીર ભૂલ હોવાથી અકસ્માતોની ઘટના વધી રહી છે વાહન ચાલકો સહિત ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે બીજી તરફ આ રજૂઆતો કોન્ટ્રાકટર દ્વારા નહિ સાંભળતા રાજુલા માર્કેટીંગ યાર્ડ ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ દ્વારા આ મુદ્દો રાજય સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ પત્ર મારફતે રજૂઆતો કરવામાં આવી છે જીયુડીસી વિભાગના કોન્ટ્રાકટર મનસ્વી વર્તનથી કામગીરી કરતા હોવાથી રજૂઆતો કરી છતાં કોન્ટ્રાકટર સુધરવાનુ નામ નહિ લેતા સ્થાનિક ધારાસભ્યથી લઈ મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરી કાયદેસરની કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે.

ધારેર સરપંચ દિલીપભાઈ સોજીત્રાએ જણાવ્યુ આ વિજપડીથી રાજુલા જવાનો રસ્તો છે આ રસ્તા પરથી ઘણા સમયથી ધાતરવડી ડેમથી રાજુલા નગરપાલિકાને પાણી આપવા માટે કોન્ટ્રાકટર દ્વારા પાઈપ લાઈન નાખવામાં આવે છે જે પાઈપ નાખે છે તે રોડ ઉપર રોડ તોડી નાખે છે કોઈ સ્ટીકર સલામતી નથી રાતે દિવસે અકસ્માત થાય છે અહીયા કોઈ જોનારૂ નથી ધ્યાન દેવાવાળું નથી મેં તો એવું સાંભળ્યું છે આરએનબી વાળાએ નોટિસ આપી છતા સાંભળતા નથી આ એટલા બધા માથાભારે કહેવાય લોકોના જીવ સાથે છેડા કરે છે અહીં સાતથી આઠ અકસ્માતો થયા છે સરકાર વહેલા સર આની સામે કાર્યવાહી કરે તેવી અમારી માંગ છે.

વાવેરા ગામના ખેડૂત મુકેશભાઈ સોલંકીએ જણાવ્યું મારા ખેતરમાં પાઈપ નાખેલી પડી છે જેમ ફાવે તેમ કોન્ટ્રાકટર નાખે છે હું મારા ખેતરમાં ખેતી નથી કરી શકતો પાઈપનો ઢગલો મારા ખેતરમાં છે પણ લેતા નથી આ કોન્ટ્રાકટર કોઈનું માનતો નથી માથાભારેના કારણે અધિકારીઓ ડરતા લાગે છે.

રાજુલા માર્કેટીંગ યાર્ડ ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલએ જણાવ્યું અમારા વિસ્તારમાંથી ધાતરવડીમાંથી પાણીની પાઈપ લાઈન નાખવામાં આવે છે રોડની સાઈડમાં જગ્યા હોવા છતાં કોન્ટ્રાકટરની મનસ્વી વર્તનના કારણે રોડ તોડી પાઈપ નાખે છે જેથી અમારા સુધી ખુબ જ રજૂઆતો આવી હતી જેના કારણે અમારા ધારાસભ્ય અને મુખ્યમંત્રી સુધી પત્ર મારફતે લેખિતમાં રજૂઆતો કરી છે કોન્ટ્રાકટ સુધરતા નથી.

રાજુલા આરએન્ડબી વિભાગ અધિકારી અભિજીતસિંહ ગોહિલએ જણાવ્યુ અમે સ્થળ ઉપર વિઝીટ કરી છે માર્ગ ઉપર નુકસાન પોચાડ્યું છે જીયુડીસી વિભાગને નોટિસ આપી છે અમે કામ બંધ કરવા માટે પણ કહ્યું છે પરંતુ કોઈ જીયુડીસી તરફથી અમને જવાબ મળ્યો નથી લોકોની પણ રજૂઆતો અમારા સુધી આવી છે.

### ભરપુર ટ્રાફિક હોવા છતાં બસ બંધ કરાઈ

# અમરેલીથી રાજકોટ વાયા મોણપુરની લોકલ બસ ૨ વર્ષથી બંધ કરી દેવાઈ

### જાગૃત નાગરિકે બસ પુનઃ શરૂ કરવા માંગ કરી

અમરેલી, તા. ૮

અમરેલીથી સવારે ૭:૩૦ કલાકે ઉપડતી લોકલ બસ ચિતલથી મોણપુર થઈ રાજકોટની છેલ્લા ૩૫ વર્ષથી શરૂ હતી. જેમાં રાજકોટના દર્દીઓ તેમજ પેસેન્જર માટે આ રૂટ બહુ જ લાભદાયક હતો. બસમાં ટ્રાફિક ફુલ રહેતો હતો. જેના કારણે વર્ષો સુધી રૂટ શરૂ રહેલ હતો.

પરંતુ અચાનક આશરે બે વર્ષ પહેલા અમરેલીથી રાજકોટ (લોકલ) બસ બંધ કરી દીધેલ. મોણપુર ગ્રામ પંચાયત તેમજ મોણપુરના ગ્રામજનોએ ડેપો મેનેજરને અવારનવાર લેખીત તેમજ મૌખીક રજુઆતો કરેલ. હાજી હા કરી આ રૂટની બસ શરૂ કરવાનું આશ્વાસન આપેલ પરંતુ આજે બે-ત્રણ વર્ષ થવા છતા આ રૂટની બસ શરૂ કરવામાં આવેલ નથી. અમરેલી-રાજકોટ વાયા-મોણપુર બસ પુનઃ શરૂ કરવાની સુચના છગનભાઈ ખુમાણે જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને રજૂઆત કરી છે.

### પાલિકાના શાસકો વ્યવહારૂ ઉકેલ લાવી શકતા નથી

# રાજુલામાં સફાઈ કામદારોએ વિવિધ માંગને લઈને ભારે સુત્રોચ્ચાર કર્યા

### બાયપાસ માર્ગ ઉપર ચક્કાજામ કરી દેવાયું

રાજુલા, તા. ૮

રાજુલા પાલિકાનાં સફાઈ કામદારો વિવિધ માંગને લઈને સતત રજુઆત કરીને થાકયા બાદ આજે સફાઈ કામદારોએ પાલિકા વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને ચક્કાજામ કરતા વાહન વ્યવહારને અસર થઈ હતી.



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

### માર્ગ-મકાન વિભાગને કોઈ ચિંતા નથી

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારનાં માર્ગો ઉપર બાવળનાં સામ્રાજયથી પરેશાની

### વાહન ચાલકોના હિતમાં બાવળને હટાવો

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ઉપર બંને સાઈડ બાવળોનું સામ્રાજય વિપુલ પ્રમાણમાં જોવા મળે છે ગોરડકાથી લીખાળા રોડ ગોરડકાથી મેરીયાણા રોડ મેરીયાણાથી વીજપડી રોડ લીખાળા વીજપડી રોડ લીખાળા ખડસલી રોડ તેમજ વીજપડી ચીખલી રોડ ચીખલીથી રેલ્વે સ્ટેશન રોડ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં વધારે પ્રમાણમાં બાવળનું સામ્રાજય વધી ગયેલ હોય અને વન્યપ્રાણીની કનડગત વધારે પ્રમાણમાં હોવાથી તાત્કાલિક અસરથી આ બાવળનું સામ્રાજય દૂર કરવા લોકો માંગ ઉઠી છે.



# ચલાલાનાં સેવાભાવી આગેવાન અશોકસિંહ તલાટીયાનાં માતૃશ્રીનું દુઃખદ અવસાન

ચલાલા, તા. ૮

અંશાવતાર દાન મહારાજની પાવન તપોભૂમિ ચલાલા શહેરમાં છેલ્લા ઘણાં વર્ષોથી મૌન રહી નિસ્વાર્થ ભાવે સેવાકિય અને જનહિતનાં કાર્યો અઢારે આલમ અને તેરે તાંસળીનાં અમીર ગરીબ અબાલ વૃધ્ધ સૌ કોઈનાં હૃદયમાં ઉમદા સ્થાન ધરાવતાં અને અતી સરળ સહજ અને મિલનસાર સ્વભાવનાં અને સતત લોકોની વચ્ચે રહેનાર કોઈ લોકોના અડધી રાતનાં હોકારા સમાન અને ચલાલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વિશાળ ચાહકવર્ગ ધરાવતાં અશોકસિંહ તલાટીયાનાં માતુશ્રી જીકુબા માધવસિંહજી તલાટીયાનું ટુકી બિમારી બાદ તારીખ. ૭/૯/૨૦૨૫ ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થતાં શોકની લાગણી પ્રસરી છે. સદગતની અંતિમયાત્રામાં શહેરનાં ભિન્નભિન્ન ક્ષેત્રના આગેવાનો શહેરના શ્રેષ્ઠીઓ સહિત દરેક સમાજનાં અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો અંતિમયાત્રામાં જોડાઈ અશોકસિંહ તલાટીયાને તથા સમસ્ત તલાટીયા પરિવાર ને સાંત્વના પાઠવી સ્વર્ગસ્થ જીકુબા તલાટિયાને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.



# ન્યુ દિલ્હી ખાતે ત્રણ દિવસીય પ્રશિક્ષણ વર્ગનો સમાપન સમારોહ યોજાયો



અમરેલી, તા. ૮

ગુજરાતપ્રદેશભારતીયજનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ન્યુ દિલ્હી ખાતે ત્રણ દિવસીય લીડરશીપ ડેવલોપમેન્ટ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના પર વિવિધ સહકારી મંડળીઓના મંત્રી, મેનેજર ,બોર્ડ ઓફ ડાયરેકટર અને સદસ્યોને મોકલવામાં આવેલ. જેનો યુવા નેતા મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવેલ અને તમામ ભાગ લેનાર સહભાગીદારીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ હતા.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### ગામમાં રહેતા બે ભાઈઓનું કારસ્તાન

# અમરેલીના કેરિયાચાડ ગામે ચૂંટણીના મનદુઃખમાં ખેડૂત પર જીવલેણ હુમલો

### કારની ટક્કર મારીને ડેલો તોડી નાખ્યા બાદ ખેડૂત પર હુમલો કર્યો

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના કેરિયાચાડ ગામે ગત તા. ૫ના રોજ અગાઉની ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખના કારણે તે જ ગામે રહેતા બે ભાઈઓએ તે જ ગામના એક ખેડૂતના ઘરના ડેલા સાથે કાર અથડાવી ડેલો તોડી નાંખી કુહાડી અને પાઈપ વડે ખેડૂત ઉપર જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ ઘટનાથી ભારે ચકચાર મચી હતી.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અમરેલી તાલુકાના કેરિયાચાડ ગામે રહેતા કાળુભાઈ ભાભલુભાઈ ધાધલ નામના ૪૨ વર્ષિય ખેડૂત ગત તા. ૫ના રોજ રાતના સાડા આઠેક વાગ્યાના સુમારે પોતાના ઘરે હતા ત્યારે તે જ ગામે રહેતા નીરૂભાઈ ભાભલુભાઈ ધાખડા અને ભયલુભાઈ ભાભલુભાઈ ધાખડા નામના આરોપીઓએ ખેડૂત સાથે કેરીયાચાડ ગ્રામ પંચયતની ચુંટણી બાબતેનુ મનદુઃખ રાખી, પોતાના હવાલા વાળી ફોરવ્હિલ ગાડી લઈ, આ ખેડૂતના રહેણાંક મકાને આવી અને ખેડૂતના રહેણાંક મકાનના ડેલા સાથે ફોરવ્હિલ ભટકાડી દઈ, ડેલો પાડી નાંખી નુકશાન કરી દીધું હતું. બાદમાં આરોપીઓએ પોતાના હાથમા રહેલ કુહાડી ખેડૂતને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે કુહાડીનો એક ઘા મારી દઈ ગંભીર ઈજા પહોચાડી હતી, જયારે બીજા આરોપીએ લોખંડના પાઈપ મરણતોલ માર મારી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી ખેડૂતને ગંભીર હાલતમાં સારવાર અર્થે અમરેલી દવાખાને ખસેડેલ હતા. ઘટના અંગે પી.આઈ. ઓ.કે. જાડેજાએ તપાસ હાથ ધરી છે.

### ડિજિટલ યુગનો ક્યારેક થાય ગેરફાયદો

# લાઠીનાં ભીંગરાડ ગામનાં યુવકને ઈંટો બનાવવાનું મશીન આપવાનાં નામે ૨ લાખની છેતરપીંડી

### સુરતનાં મયુર પાઘડાળ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૮

લાઠી તાલુકા ભીંગરાડ ગામે રહેતા પરેશભાઈ ભીખાભાઈ સોલંકી નામના ૩૮ વર્ષિય યુવકને ઈંટો બનાવવાનું મશીન લેવું હોય, યુવકે જેથી ઈન્ડીયન માર્ટ એપ્લીકેશન મારફતે સુરત રહેતા મયુરભાઈ ગોપાલભાઈ પાઘડાલના મોબાઈલ ઉપર ઈંટો બનાવવાનું મશીન બાબતે વાતચીત કરેલ હતી અને ગત તા. ૧૬/૯/૨૩ના રોજ આરોપીને યુવકને વોટસેપમાં એક ઈંટો બનાવાના મશીનનો ફોટો મોકલી કિંમત પુછતા આરોપીએ તે મશીનના રૂપિયા ૨૨,૦૦૦ પ્લસ જીએસટીમાં મશીન બનાવી આપવા બાબતે વાતચીત કરેલ હતી.

બાદમાં આ યુવક રૂબરૂ મશીન જોવા માટે સુરત મુકામે જતા તે મશીન નાનુ હોવાથી યુવકે એ ઓર્ડર કેન્સલ કરાવી અને બાદમાં આરોપીએ મોટુ મશીન બનાવી આપવા બાબતે યુવક સાથે રૂા. ૪ લાખમાં વાતચીત કરી હતી અને નક્કી થયા બાદ યુવક પાસેથી એડવાન્સમાં રૂા. ૨ લાખ મેળવી લઈ બાદમાં આરોપીએ તે મશીનના રૂા. ૧૮ લાખ થશે તેવી વાત કરતા યુવકે મશીન લેવા બાબતે ઈન્કાર કરતા અને પોતાના એડવાન્સ આપેલ રૂા. ૨ લાખ પરત માંગતા આરોપી આ પૈસા પરત આપવા બાબતે અવાર-નવાર વાયદાઓ કરતા હોય અને યુવકને પૈસા પરત આપતા ન હતા. જેથી આ બાબતે યુવક ફરીવાર આરોપીને મળવા સુરત મુકામે ગયા હતા અને આ બનાવ અંગે સુરત ઉધના પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ અરજી કરતા આરોપીએ બે હપ્તામાં પૈસા પરત આપી દેવા બાબતે ગતતા. ૩૦/૮/૨૪ના રોજ પ્રોમીસરી નોટ કરી આપેલ હતી અને ગત તા. ૩૦/૫/૨૫ ની તારીખ નાખી રૂા. ૧,૭૦,૦૦૦નો ચેક આપેલ હતો. જે ચેક બેંકમાં નાખતા ગત તા. ૪/૬/૨૫ના રોજ અપર્યાપ્ત બેલેન્સના કારણે ચેક રીટર્ન થયેલ હતો.

આમ આરોપીએ યુવકને વિસમાં લઈ તેની પાસેથી ઈંટો બનાવવા માટેનું મશીન આપવાના બ્હાને રૂા. ૨,૦૦,૦૦૦ મેળવી લઈ યુવકને ઈંટો બનાવવાનુ મશીન નહી આપી તેમજ મશીન પેટેના પૈસા પણ પરત ન આપી યુવક સાથે ઠગાઈ તથા વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# મોટી કુંકાવાવમાં મંદિર અને રહેણાંક મકાનમાંથી ચોરી થઈ

અમરેલી, તા. ૮

કોઈ અજાણ્યો ચોર ઈસમે ગત તા. ૩૦/૮ના રોજ સાંજના આશરે સવા સાત વાગ્યાથી તા. ૩૧/૮/૨૫ ના રોજ સવારના આશરે પાંચ વાગ્યા દરમ્યાન મોટી કુંકાવાવ ગામે મોદી પ્લોટ વિસ્તારમાં આવેલ સોમનાથ મહાદેવ મંદિરની દીવાલ ઓળંગી મંદિરમાં પ્રવેશ કરી મંદિરના મુખ્ય દરવાજા પાસે ખુલ્લી ઓશરીની દીવાલમાં લગાડેલ દાન પેટીનુ તાળુ તોડી તેમાંથી આશરે રોકડા રૂપિયા ૪૫૦૦ તથા મંદિરની સામે આવેલ ભોળાભાઈ વઘાસીયાનું નવુ મકાન બનતુ હોય જે મકાન દરવાજા વગરનુ ખુલ્લુ હોય જેના હોલમાં આવી માહીરભાઈ સોલંકીનો મોબાઈલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ ની ચોરી કરી કુલ રૂપિયા ૧૯,૫૦૦ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

## નાયબ દંડક કૌશિક વેકરિયાની કાર્યપધ્ધતિથી પ્રભાવિત થઈ ૧૦૦ કોંગીજનો જોડાયા ભાજપમાં

# માયાપાદરનાં કોંગીજનો કોંગ્રેસની માયા છોડીને ભાજપનાં રંગે રંગાયા

વડિયાનું માયાપાદર ગામ વર્ષોથી કોંગ્રેસ પક્ષનો ગઢ હોય હવે ત્યાં પણ ગાબડુ પડતાં કોંગ્રેસ મુશ્કેલીમાં

ગામનાં સરપંચ સહિત ગ્રામ પંચાયતની સમગ્ર ટીમે ભાજપમાં પ્રવેશ કર્યો

વિકાસ, રાષ્ટ્રવાદ અને સુશાસનનાં વિશ્વાસ સાથે કોંગીજનો જોડાયા ભાજપમાં

નવા કાર્યકરોનાં જોડાવાથી ભાજપની સ્થિતિ વધુ મજબુત બની છે : નાયબ દંડક



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૮

વડિયા તાલુકાનું માયાપાદર છેલ્લા કેટલાક વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતો હતો તે કોંગ્રેસના ગઢમાં મોટું ગાબડું પડયું અને ૧૦૦થી વધુ લોકોએ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ભાજપનો ભગવો ખેસ પહેરયો હતો.

માયાપાદર ગામના સરપંચ રવિભાઈ વાળા, ઉપસરપંચ, ગ્રામપંચાયતની આખી ટીમ સહિતના વનરાજભાઈ કાછડીયા, મહેશભાઈ પોકર, ભરતભાઈ ધોરાજીયા, મગનભાઈ સાવલીયા, કનાભાઈ ભુવા સહિત એકસોથી વધુ લોકો ભાજપમાં જોડાયા હતા. આ તકે વડિયા–કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વછાણી, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તુષારભાઈ ગણાત્રા, મહામંત્રી મનસુખભાઈ બરવાળીયા, રમેશભાઈ સાકરીયા, ગોપાલભાઈ અંટાળા, રવિભાઈ ધાનાણી સહિતના માયાપાદર ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. માયાપાદર ગામના ૧૦૦ જેટલા કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા છે. આ ગામમાં વર્ષોથી કોંગ્રેસનું વર્ચસ્વ રહ્યું છે અને ચૂંટણીઓમાં કોંગ્રેસને વધુ લીડ મળતી હતી. આ તમામ કાર્યકરોને ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ નવા જોડાયેલા કાર્યકરોનું ભાજપનો ખેસ પહેરાવીને સ્વાગત કર્યુ. તેમણે જણાવ્યું કે આ કાર્યકરો વિકાસ, રાષ્ટ્રવાદ અને સુશાસનના વિસ સાથે ભાજપમાં જોડાયા છે.

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલા આ વિસ્તારમાં પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીનો દબદબો હતો. તેમના પરાજય બાદ રાજકીય સમીકરણો બદલાયા છે. માયાપાદર ગામમાં ભાજપે ચૂંટણી પહેલા કરેલું આ ઓપરેશન કોંગ્રેસ માટે મોટો ઝટકો સાબિત થઈ શકે છે.

નાયબ દંડકે જણાવ્યું કે નવા કાર્યકરોના જોડાવાથી ભાજપ પરિવાર વધુ મજબૂત બન્યો છે. તેમના મતે આ પરિવર્તન ગામના વિકાસ અને પ્રગતિ માટે નવા દ્વાર ખોલશે. ભાજપનો પ્રભાવ વધતા આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસ માટે સત્તા મેળવવી મુશ્કેલ બની શકે છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકુંડા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઇન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઇલ સ્ટેન્ડ ■ પેપર વેઇટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઇ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમને સાંભળવાની તકલીફ છે ?
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઇટલ ક્લિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

Hero
સહકારી દૂધ મંડળીના ગ્રાહક મિત્રો માટે
ખૂશ ખબર...
₹2500/-
HF Deluxe Splendor+ Super Splendor
ડોક્યુમેન્ટ : સહકારી મંડળીના લેટરપેડ પર લખાણ. દૂધ ભરવાની પાવતી છેલ્લા 7 દિવસની.
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા
M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
- લાંબા સમયથી રુઝાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
- કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
- સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

GST DEDUCTION OFFER
તારીખ 22/09/2025 થી GST ઘટવાનો હોવાથી દરેક વાહન પર અંદાજીત
₹ 6000 /-*
સુધીનો ફાયદો મળશે
સ્ટોક લિમિટેડ હોવાથી ફૂલ પેમેન્ટથી બૂકિંગ કરી લેવું
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
- શુદ્ધ ઘીમાં મોહનથાળ...
- શુદ્ધ ઘીમાં બુંદી...
- શુદ્ધ ઘીમાં મગીયા લાડુ...
- વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

### ટેક્સ ભરવા છતાં ડિપોર્ટેશનનો ખતરો

# ટ્રમ્પના વધુ એક નિર્ણયથી મુશ્કેલીમાં ભારતીયો!

**સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઇડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઇનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે**

નવી દિલ્હી, તા.૮

અમેરિકામાં ઈમિગ્રેશન એજન્સીઓ દ્વારા IRSના રેકોર્ડ્સનો ઉપયોગ વધતા, ગેરકાયદેસર રોજગારના કેસમાં ઈમિગ્રન્ટ્સ માટે દેશનિકાલનું જોખમ વધી ગયું છે. H-1B વિઝા (જે એક જ નોકરીદાતા સાથે સંકળાયેલા હોય) અથવા સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે લોકોએ ટેક્સ રિટર્નમાં વધારાની કમાણી (સાઈડ હસલ)ની માહિતી આપી છે, તેમને હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રામાણિકતાથી ટેક્સ ભરવા અને આવક રિપોર્ટ કરવા છતાં, તેમના વિઝાની અવધિ વધારવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે, સાથે જ તેમને ફરીથી પ્રવેશ પર રોક અને દેશનિકાલ સુધીની કાર્યવાહીનો સામનો કરવો પડી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈમિગ્રેશન એટર્ની જાથ શાઓએ જણાવ્યું કે, 'આઈઆરએસએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સાથે ડેટા શેર કર્યો છે. હવે અમે જોઈ રહ્યા છીએ કે લોકો એ જ કાર્યો માટે ફસાઈ રહ્યા છે, જેની કમાણી તેમણે પોતે જ રિપોર્ટ કરી અને ટેક્સ ભર્યો.' શાઓ મુજબ, ઘણીવાર આ આરોપ ત્યારે લાગે છે જ્યારે કોઈ પ્રવાસી બીજી કોઈ ભૂલમાં પકડાય છે અને તપાસમાં જૂની કમાણી સામે આવી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલાથી H-1B વિઝા ધારકો સૌથી વધુ જોખમમાં છે, કારણ કે તેમની નોકરી સીધી સ્પોન્સર કંપની સાથે જોડાયેલી હોય છે. વકીલ અભિનવ ત્રિપાઠી કહે છે કે, 'જો USCIS ટેક્સ રેકોર્ડમાં દર્શાવેલી સાઈડ ઈનકમના આધારે નોટિસ જારી કરી રહ્યું છે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. આ વિઝા સ્ટેટસના ઉલ્લંઘનનો મામલો બની શકે છે અને દેશનિકાલ સુધી લઈ જઈ શકે છે.'

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વ્યાજ કે મૂડી લાભ જેવી આવક પર સમસ્યા થતી નથી, પરંતુ ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ કે ઓનલાઈન સાઈડ જોબ્સ ગંભીર જોખમ વધારે છે. તેમનું કહેવું છે કે ચિંતાનો વિષય એ છે કે અધિકારીઓ હવે ટેક્સ રેકોર્ડ્સની ઊંડાણપૂર્વક તપાસ કરીને નિષ્ક્રિય અને સક્રિય આવકનું અર્થઘટન પોતાની રીતે કરવા લાગશે, જેનાથી પ્રવાસીઓ માટે પરિસ્થિતિ વધુ ગૂંચવણભરી બની શકે છે.

નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે અમેરિકામાં પ્રવાસીઓએ હવે ખૂબ જ સાવધ રહેવું પડશે. એક એટર્નીએ કહ્યું, 'સાઈડ હસલથી ભલે થોડા ડોલરની કમાણી થઈ જાય, પણ તેની કિંમત તમારું અમેરિકન સપનું હોઈ શકે છે.'

### લક્ષ્યનો પીછો કરતી દક્ષિણ આફ્રિકા ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી

# ઇંગ્લેન્ડની વન-ડે ઇતિહાસની સૌથી મોટી જીત, આફ્રિકાને ૩૪૨ રનથી હરાવ્યું

**રૂટ-બેથલની સદીની મદદથી ઇંગ્લેન્ડે ૪૧૪ રનનો ટાર્ગેટ આપ્યો, આફ્રિકા ૭૨ રનમાં ખખડ્યું, આર્ચરની ૪ વિકેટ**

સાઉથમ્પ્ટન, તા.૮

સાઉથમ્પ્ટનમાં રમાયેલી વન-ડે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં યજમાન ઈંગ્લેન્ડે આફ્રિકાને ૩૪૨ રનથી હરાવીને વન-ડેમાં રનના માર્જિનથી ઈતિહાસની સૌથી મોટી જીત નોંધાવી હતી. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે જો રૂટ અને જેકબ બેથેલની સદીના આધારે નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૪૧૪ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૦.૫ ઓવરમાં માત્ર ૭૨ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. જોફ્રા આર્ચરે ચાર વિકેટ લઈને આફ્રિકાની કમર તોડી હતી. જો કે, આફ્રિકા સિરીઝ જીતવામાં સફળ રહ્યું હતું.ઈંગ્લેન્ડ અને આફ્રિકા વચ્ચે વચ્ચેની ટી૨૦ શ્રેણી ૧૦ સપ્ટેમ્બરથી કાર્ડિફમાં શરૂ થશે. શ્રેણીની બાકીની બે મેચ ૧૨ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ રમાશે.ઈંગ્લેન્ડની શરૂઆત શાનદાર રહી હતી. જેમી સ્મિથ અને બેન ડકેટે મળીને પ્રથમ વિકેટ માટે ૫૭ રન ઉમેર્યા હતા. ડકેટ ૩૩ બોલમાં ૩૧ રન બનાવીને આઉટ થયો હતો. જ્યારે સ્મિથે ૪૮ બોલમાં ૬૨ રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ઈંગ્લેન્ડે ૧૧૭ રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી જો રૂટ અને જેકબ બેથેલે મળીને ૧૮૨ રનની ભાગીદારી કરી હતી. રૂટે ૯૬ બોલમાં ૧૦૦ રન જ્યારે બેથેલે ૮૨ બોલમાં ૧૧૦ રન ફટકાર્યા હતા. ૩૦૨ રન પર ચાર વિકેટ ગુમાવ્યા પછી પણ રનનો પ્રવાહ અટક્યો નહીં. જોસ બટલરે ૩૨ બોલમાં ૧૯૩ના સ્ટ્રાઈક રેટથી અણનમ ૬૨ રન બનાવ્યા હતા. જેના આધારે ઈંગ્લેન્ડનો સ્કોર પાંચ વિકેટના નુકસાન પર ૪૧૪ રન પર પહોંચ્યો હતો.લક્ષ્યનો પીછો કરતી દક્ષિણ આફ્રિકા ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ચાર આફ્રિકન બેટ્સમેન ફક્ત સાત રન પર પેવેલિયન પરત ફર્યા હતા. વિકેટ પડવાનો સિલસિલો આગળ પણ યથાવત રહ્યો હતો. જોફ્રા આર્ચરના તોફાન સામે આફ્રિકાનો એક પણ બેટ્સમેન ટકી શક્યો નહીં. સ્કોર ૪૯ સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં દક્ષિણ આફ્રિકાના સાત બેટ્સમેન પેવેલિયન પરત ફર્યા હતા.

### મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતો માટે કરી મોટી જાહેરાત

# રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે

**સીએમ માન હોસ્પિટલમાં દાખલ છે, પણ અહીંથી તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેબિનેટની બેઠકમાં ભાગ લીધો**

ચંડીગઢ, તા.૮

પૂરથી બરબાદ થયેલા પાકનું દર્દ વેઠી રહેલા પંજાબના ખેડૂતો માટે મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે મોટી જાહેરાત કરી છે. પંજાબ કેબિનેટે નિર્ણય લીધો છે કે રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે. આ વળતરની રકમ દેશભરના ખેડૂતોને મળતી સૌથી વધારે મદદ માનવામાં આવી રહી છે.

સીએમ માન છેલ્લા ત્રણ દિવસથી હોસ્પિટલમાં દાખલ છે, પણ અહીંથી તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેબિનેટની બેઠકમાં ભાગ લીધો અને ખેડૂતોના રાહત પેકેજને મંજૂરી આપી. તેમણે કહ્યું કે, પંજાબ સરકાર દરેક સંજોગોમાં ખેડૂતો સાથે ઊભી છે.

બેઠકમાં વધુ એક મહત્ત્વના નિર્ણયને મંજૂરી આપી છે. જે અંતર્ગત જેની ખેતર, તેની રેતી યોજનાને લીલીઝંડી આપી છે. હવે જે ખેતરમાં પૂર દરમિયાન રેતી જમા થઈ છે, ત્યાંનો માલિકીનો હક ખેડૂતોને જ મળશે. એટલે કે ખેડૂતો તે રેતીને વેચીને આવક મેળવી શકશે. સરકારનો દાવો છે કે આ નિર્ણયથી ખેડૂતોને ડબલ ફાયદો થશે. એક તરફ ખેતર સાફ થશે અને બીજી તરફ તેમને આર્થિક મદદ મળશે.

મુખ્યમંત્રી માને કેબિનેટ બેઠક બાદ વિસ્તારથી રાહત પેકેજની જાણકારી આપી. તેમણે કહ્યું કે, પૂરથી થયેલી તબાહીને જોતા પંજાબ સરકારે ખેડૂતો, ઢોર અને સામાન્ય લોકો માટે કેટલાય પગલાં ઉઠાવ્યા છે.

- ખેતરમાંથી માટી-રેતી ઉપાડવાની મંજૂરી- પૂરમાં આવેલી રેતને ખેડૂતો વેચી શકશે - ૨૦ હજાર રૂપિયા પ્રતિ એકર વળતર- પાકના નુકસાનનું વળતર સીધા ચેક દ્વારા આપવામાં આવશે
- ૪ લાખ રૂપિયાનું વળતર-પૂરમાં જીવ ગુમાવનારા પરિવારને મળશે
- ઘર પડવાનો સર્વે- જેમના ઘર તૂટ્યા છે, તેમને આર્થિક મદદ આપવામાં આવશે
- દેવા પર રાહત- સરકારી સોસાયટી અને સરકારી બેંક્રોમાંથી લીધેલી લોન પર ૬ મહિના સુધી હપ્તા ચૂકવવાના નથી. વ્યાજ પણ માફ.
- ઢોર માટે વળતર- જેમના ઢોર પૂરમાં મરી ગયા છે, તેમને મદદ આપવામાં આવશે
- રસીકરણ અભિયાન- ઢોરમાં બીમારી ન ફેલાય, તેના માટે સરકાર રસીકરણ કરાવશે
- ફોગિંગ અને મેડિકલ કેમ્પ- શહેરો અને ગામડામાં સફાઈ, ફોગિંગ મશીનો અને લોકો માટે નજીકમાં સ્વાસ્થ્ય કેમ્પ લગાવવામાં આવશે.
- શાળા અને સરકારી ઈમારતોનો સર્વે- પૂરમાં નુકસાન થયેલી ઈમારતોને રિપેર કરશે

### અંજલિ રુપાણી થયા ભાવુક

# વિધાનસભા પરિસરમાં પૂર્વ સીએમ વિજય રૂપાણીના ચલચિત્રનું અનાવરણ

**ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ હાજર રહ્યા હતા**

ગાંધીનગર, તા.૮

ગુજરાત વિધાનસભા પરિસરમાં આજે એક ભાવનાત્મક ક્ષણ સર્જાઈ જ્યારે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીનું ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યું. રાજ્યના મુખ્યપ્રધાન તરીકે સેવા આપનારા નેતાની યાદને ચિરંજીવ બનાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ તથા ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. વિજય રૂપાણીના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા. પત્ની અંજલિબેન રૂપાણી તથા પુત્ર ઋષભ રૂપાણીની હાજરીએ વાતાવરણ વધુ ભાવનાત્મક બનાવ્યું હતુ. અનાવરણ સમયે અંજલિ બહેનની આંખો ભીની થઈ જતાં સમગ્ર હોલમાં શાંત અને સંવેદનાથી ભરેલો માહોલ સર્જાયો હતો.

વિધાનસભા પોડિયમ પર પહેલાથી જ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીઓના ચલચિત્રો મૂકાયેલા છે. આજે આ હરોળમાં વિજય રૂપાણીનું ચલચિત્ર પણ ઉમેરાતા તેમની રાજકીય સફર અને રાજ્ય માટેનું યોગદાન હંમેશા યાદગાર બની રહેશે.

વિજય રૂપાણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મ્યાનમારમાં થયો હતો અને બાદમાં તેમનું કુટુંબ રાજકોટ સ્થાયી થયું. તેઓ લાંબા સમય સુધી ભાજપ સાથે જોડાયેલા રહ્યા અને સંઘથી લઈને ભાજપ સંગઠન સુધી સક્રિય રહ્યા. તેઓએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી અને બાદમાં ગુજરાત ભાજપના પ્રમુખ તેમજ રાજ્યના મુખ્યમંત્રી સુધીની સફર કરી હતી.

૨૦૧૬માં તેમણે આનંદીબેન પટેલના રાજીનામા બાદ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં વિકાસ કાર્યોને વેગ મળ્યો હતો. ખાસ કરીને હેલ્થ, એજ્યુકેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. તેઓ સામાન્ય માણસ સુધી પહોંચતા નેતા ગણાતા હતા અને લોકોને સીધી રીતે મળતા, વાતચીત કરતા.

વિજય રૂપાણી પોતાના સાદગીભર્યા સ્વભાવ માટે પણ યાદ રાખવામાં આવશે. એક વિડિઓ ખાસ કરીને લોકોના દિલમાં વસેલો છે, જેમાં તેઓ રેડ બીકનવાળી ગાડીનો ઉપયોગ ન કરવા અંગે વાત કરતા જોવા મળ્યા હતા. તેઓ માનતા હતા કે નેતાઓએ વી.આઈ.પી. સંસ્કૃતિથી દૂર રહીને સામાન્ય નાગરિક જેવી જ રીતે વર્તવું જોઈએ.

૧૨ જૂન ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં વિજય રૂપાણીનું અવસાન થયું હતું. આ દુર્ઘટનાએ સમગ્ર ગુજરાતને શોકમાં મૂકી દીધું હતું. રાજકોટથી લઈને ગાંધીનગર સુધી શોકની લાગણી ફેલાઈ હતી. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહોતા, પરંતુ ગુજરાતની જનતા માટે એક સરળ, સહજ અને પ્રજાહિત માટે કાર્યરત ચહેરો હતા.

આજે વિધાનસભા પરિસરમાં તેમના ચલચિત્રનું અનાવરણ થતાં ફરી એકવાર તેમની યાદ તાજી થઈ ગઈ. મુખ્યમંત્રી અને અધ્યક્ષ સહિત તમામ મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. અંજલિબેન અને ઋષભ રૂપાણીની હાજરીએ આ પ્રસંગને વધારે ભાવનાત્મક બનાવ્યો.

### 'ધ ચેઝ'ના ટીઝરે મચાવી ધમાલ

# ક્રિકેટ બાદ હવે ફિલ્મી પિચ પર મહેન્દ્ર સિંહ ધોનીની ઓપનિંગ?

**વીડિયો ઇન્સ્ટાગ્રામ પર અપલોડ થયા બાદ થોડા સમયમાં વાયરલ થયો અને યુઝર્સે કમેન્ટમાં જોરદાર પ્રતિક્રિયાઓ આપી**



મુંબઈ, તા.૮

મુંબઈઃ ક્રિકેટના મહારથી એવો મહેન્દ્ર સિંહ ધોની ક્રિકેટ જગતમાંથી નિવૃત થયા બાદ બ્રાન્ડ પ્રમોશનમાં જોવા મળતો રહે છે. જોકે ક્રિકેટ બાદ હવે તે ફિલ્મ જગતમાં પણ પોતાનો સિક્કો અજવા જઈ રહ્યો છે. ૭ સપ્ટેમ્બરે બોલીવુડ અભિનેતા આર. માધવને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો, આ વીડિયો તેની આગામી ફિલ્મ 'ધ ચેઝ'નું ટીઝર હતુ. સૌથી મોટું આશ્ચર્ય એ છે કે તેમાં માધવન સાથે ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની પણ પૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. તે ટાસ્ક ફોર્સ અધિકારી તરીકે દુશ્મનો પર ગોળીઓ વરસાવતો દેખાય છે. જો કે, માધવને સ્પષ્ટ કર્યુ નથી કે આ ફિલ્મ છે, વેબ સિરીઝ છે કે પછી બીજુ કંઈ. હાલ તો તેની તમામ વિગતો ગુપ્ત રાખવામાં આવી છે.ટીઝરમાં માધવન અને ધોનીને બે જાબાઝ અધિકારી તરીકે બતાવવામાં આવ્યા છે, જે 'એક મિશન' પર છે. બંને યુનિફોર્મ પહેરીને દેખાયા છે. ધોનીને શાંત અને વિચારશીલ 'કુલ હેડ' તરીકે બતાવવામાં આવ્યા છે, જ્યારે માધવનને રોમાટીક અધિકારી તરીકે બતાવાયા છે. આ વીડિયોમાં કહેવાયું છે કે આ એક મનોરંજક એક્શન-થ્રિલર શો હશે. કાળા ચશ્મા પહેરેલા માધવન અને ધોની દુશ્મનો પર તેજ ગતિએ ગોળીઓ વરસાવતો જોવા મળે છે.ક્લિપ શેર કરતા માધવને કેપ્શનમાં લખ્યું, ''એક મિશન. બે જાબાઝ. તૈયાર થઈ જાઓ- એક તોફાની અને વિસ્ફોટક ચેઝ શરૂ થવાની છે. ધ ચેઝ- ટીઝર હવે બહાર છે.'' તેને વસન બાલા દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યું છે. પરંતુ અંતમાં ક્યાંય પણ નથી લખાયું કે જો ફિલ્મ છે તો તે ક્યારે રિલીઝ થશે. માત્ર 'કમિંગ સૂન' લખમાં આવ્યું છે. આ વીડિયોને જોઈને ફેન્સ પ્રભાવિત થયા છે અને તેને વાયરલ કરી રહ્યા છે.વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ થયા બાદ થોડા સમયમાં વાયરલ થયો અને યુઝર્સે કમેન્ટમાં જોરદાર પ્રતિક્રિયાઓ આપી. ટીઝર લોકોને આશ્ચર્યમાં મૂકી રહ્યું છે. યુઝર્સ અસમંજસમાં છે કે આ ફિલ્મ છે કે જાહેરાત. કમેન્ટમાં લોકોએ સવાલોની વર્ષા કરી છે. યુઝર્સે પૂછ્યું કે આ કેવું સસ્પેન્સ છે, શું અમારા થાલા હવે હીરો બની ગયા છે, જો એવું છે તો મજા આવી જશે. ધોનીની વાત કરીએ તો તેઓ અનેક જાહેરાતોમાં કામ કરી ચૂક્યા છે અને અગાઉ તમિલ ફિલ્મ GOATમાં સ્પેશિયલ અપીયરન્સમાં પણ જોવા મળ્યો હતો. જ્યારે માધવન તાજેતરમાં નેટફ્લિક્સની ફિલ્મ 'આપ જૈસા કોઈ'માં ફાતિમા સના શેખ સાથે દેખાયો હતો અને તેનો અભિનયના ખૂબ વખાણ થયા હતા.

### SIR ને લઈને સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ

**મતદાર યાદીમાં મતદારનો સમાવેશ કે બાકાત કરવા માટે વ્યક્તિની ઓળખ તરીકે પણ આધાર કાર્ડને ધ્યાનમાં લેવામાં આવશે**

નવી દિલ્હી, તા.૮

બિહાર ચૂંટણી પહેલા સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મોટો આદેશ આપ્યો છે. કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો છે. આનાથી બિહારના લાખો મતદારોને ફાયદો થશે, જેઓ મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડને ઓળખ ન હોવાને કારણે મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે પોતાના જૂના દસ્તાવેજો બતાવી શક્યા ન હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેના અધિકારીઓને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવા સૂચનાઓ જાહેર કરવા જણાવ્યું છે.

બિહાર જીૈંઇ પર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જીૈંઇ પ્રક્રિયામાં મતદારોને સામેલ કરવા માટે ઓળખના હેતુ માટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. અધિકારીઓને આધાર કાર્ડની પ્રામાણિકતા અને વાસ્તવિકતાની પુષ્ટિ કરવાનો અધિકાર રહેશે. તેને નાગરિકતાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહીં.

સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મતદાર ઓળખ માટે આધારને દસ્તાવેજ તરીકે સ્વીકારવા પર વિચાર કરવા ચૂંટણી પંચને કહ્યું, અને સ્પષ્ટ કર્યું કે, તે કોઈ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, "૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં, ૬૫ લાખ લોકો માટે આધારને મંજૂરી આપવામાં આવી હતી. "

જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મંજૂરી આપવાનું આપી રહ્યા નથી, અમે જાણીએ છીએ કે, આધાર ઓળખનો પુરાવો છે, નાગરિકતાનો નહીં. ધારો કે તે બારમો દસ્તાવેજ છે, તો તેમાં શું સમસ્યા છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સુધારેલી મતદાર યાદી પ્રક્રિયામાં સમાવિષ્ટ અથવા બાકાત કરાયેલા લોકોની ઓળખ સ્થાપિત કરવાના હેતુથી, આધાર અધિનિયમ ૨૦૧૬ હેઠળ જાહેર કરાયેલ આધાર કાર્ડ સ્વીકારવામાં આવશે અને તેને ૧૨મો દસ્તાવેજ માનવામાં આવશે. જોકે, અધિકારીઓ રજૂ કરેલા કાર્ડની સત્યતા ચકાસી શકે છે અને આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણવામાં આવશે નહીં. આ અગાઉ, અરજદારોએ કહ્યું હતુ કે, પેરા લીગલ સ્વયંસેવકોની નિમણૂક કરવાની હતી, પરંતુ તેમની નિમણૂક કરવામાં આવી ન હતી. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યુંહતું કે, તેઓ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ માટે આ ઈચ્છે છે. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મતદાર યાદીમાં સામેલ કરવા માંગતું નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બિહારના ૯૯.૬% નાગરિકોએ પહેલાથી જ ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક સબમિટ કરી દીધું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં ૬૫ લાખ લોકોને આધાર કાર્ડની મંજૂરી આપવામાં આવી હતી. હવે તેમના માટે કોઈ પણ અરજદારે એ વાત તરફ ધ્યાન દોર્યું નથી કે, મોટી સંખ્યામાં લોકોને ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

### હવે બેફામ ભાવ નહીં વસૂલી શકાય

# દર્દીઓને મોટી રાહત, કેન્દ્ર સરકારે ૪૨ દવાની રિટેલ કિંમત ફિક્સ કરી

નવી દિલ્હી, તા.૮

કેન્દ્ર સરકારે ૪૨ સામાન્ય દવાઓના રિટેલ ભાવ જાહેર કર્યા છે. આ દવાઓમાં બ્રોડ-સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક અને ઈપ્કા લેબોરેટ્રીઝ પણ સામેલ છે. આ દવાઓનો ઉપયોગ સામાન્ય રીતે અંગોના ટ્રાન્સપ્લાન્ટ બાદ ઓર્ગન રિજેક્શન રોકવા માટે કરવામાં આવે છે. મેરોપેનમ અને સુલબૈક્ટમ ઈંજેક્શનની રિટેલ કિમત પ્રત્યેક બોટલ આશરે રૂપિયા ૧૯૩૮ છે. આ ઉપરાંત માઈકોફેનોલેટ મોફેટિલની કિમત પ્રતિ ટેબલેટ ૧૩૧.૫૮ રૂપિયા છે.

બેક્ટેરિયાના સંક્રમણની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એબોટ હેલ્થકેરની ક્લેરિથ્રોમાઈસિન એક્સટેંડેડ રિલીઝ ટેબલેટની કિમત હવે ૭૧.૭૧ રૂપિયા પ્રતિ ટેબલેટ છે. આ વર્ષે જ ફેબ્રુઆરી મહિનામાં નેશનલ ફાર્માસિયુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી કે જે દવાઓના ભાવ પર કન્ટ્રોલ ધરાવે છે તેણે ઉત્પાદકોને આદેશ આપ્યો હતો કે તેઓ ડીલર્સ, સ્ટેટ ડ્રગ કન્ટ્રોલર, રાજ્ય સરકારને ભાવની યાદી જાહેર કરે. એવામાં તાજેતરમાં સરકાર દ્વારા ૪૨ એવી દવાઓના ભાવ ફિક્સ કરી નાખ્યા છે કે જેનો ઉપયોગ સામાન્ય સારવાર માટે થતો હોય છે. ખાસ કરીને ટ્રાન્સપ્લાન્ટના કેસોમાં જ્યારે દર્દીના કોઈ અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે તે બાદ ટ્રાન્સપ્લાન્ટ કરાયેલ અંગને શરીર જોડવામાં મુશ્કેલી અનુભવી રહ્યું હોય તેવી સ્થિતિમાં તેનો સામનો કરવા માટે જે દવાઓનો ઉપયોગ કરાય છે તેનો પણ સમાવેશ આ ૪૨ દવાઓમાં થાય છે. આ દવાઓનો ફિક્સ કરાયેલો ભાવ લોકોને વંચાય તે રીતે છાપવાનો રહેશે. અગાઉ એનપીપીએએ પોતાના આદેશમાં કહ્યું હતું કે તમામ રિટેલર્સ અને ડીલરે ભાવની યાદી અને સપ્લિમેન્ટરી ભાવની યાદી (જો હોય તો) યોગ્ય સ્થળે લોકોને વંચાય તે રીતે લગાવવાની રહેશે.

### ભારતે બેલ્જિયમ સાથે ડિટેલ્સ શેર કરી

# ૧૨૦૦૦ કરોડના કૌભાંડી મેહુલ ચોક્સીનું થશે પ્રત્યાર્પણ

**માનવ અધિકાર મુજબ મુંબઈની આર્થર જેલમાં રાખીશું : ભારત**

નવી દિલ્હી, તા.૮

ભારત માટે મેહુલ ચોક્સીનું પ્રત્યાર્પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે. ૬૬ વર્ષીય આ બિઝનેસમેન પર પંજાબ નેશનલ બેંકમાં ૧૨૦૦૦ કરોડ રુપિયાના કૌંભાડનો આરોપ છે. બેલ્જિયમના એન્ટવર્પમાં તેની ધરપકડ બાદ ભારતે તેમના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો તેજ કર્યા છે. ભારતે બેલ્જિયમને ખાતરી આપી છે કે, ચોક્સીને મુંબઈની માનવ અધિકાર પ્રમાણે આર્થર જેલમાં રાખવામાં આવશે. પરંતુ હવે સવાલ એ છે કે, શું ખરેખર ચોક્સીને ત્યાં આ સુવિધા મળશે, જે ભારત દાવો કરી રહ્યું છે.?

ભારતે બેલ્જિયમને એક પત્ર મોકલીને જણાવ્યું કે, ચોક્સીને આર્થર રોજ જેલમાં બેરેક નંબર ૧૨માં રાખવામાં આવશે. આ જેલમાં તેમને સ્વચ્છ સાદડી, ઓશીકું, ચાદર અને ધાબળો આપવામાં આવશે. તેમજ જો જરુર પડશે તો લાકડાં કે લોખંડનો પલંગ પણ આપવામા આવશે. તેમના વકીલનું કહેવું છે કે, તેમને કેન્સર જેવી ગંભીર બીમારી છે, જેથી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખાસ જરુરી છે. ભારતનો દાવો છે કે, ચોક્સીને જેલમાં સ્વચ્છ પાણી, ૨૪ કલાક મેડિકલ સુવિધા અને સારુ ભોજન મળશે. જેલની રોજ સાફ - સફાઈ કરવામાં આવશે અને બેરેકમાં લાઈટ અને હવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. તેમને દરરોજ એક કલાકથી વધારે સમય બહાર ફરવા, કસરત કરવા અને મનોરંજન માટે આપવામાં આવશે. મુંબઈનું હવામાન આખું વર્ષ સામાન્ય રહે છે. જેથી ન તો વધારે ગરમી છે અને ન તો એસીની જરુર છે.

જેલમાં ભોજન અંગે વાત કરીએ તો. ચોક્સીને દિવસમાં ત્રણવાર ભોજન આપવામાં આવશે. જો મેડિકલના કારણે ખાસ ડાયટની જરુર હશે તો પણ આપવામાં આવશે.

### દૂધ અને દૂધના ઉત્પાદનોના ભાવ ટૂંક સમયમાં ઘટશે

# દૂધના ભાવમાં મોટી રાહત, અમૂલ અને મધર ડેરીનું દૂધ થશે સસ્તું

**૫% GST વસુલાય છે, જેને દૂર કરવાથી દૂધ સસ્તું થશે**

નવી દિલ્હી, તા.૮

દરેક ઘરમાં વપરાતા દૂધના ભાવ ટૂંક સમયમાં ઘટવાના છે. સરકારે તાજેતરમાં GST કાઉન્સિલની બેઠકમાં નિર્ણય લીધો છે કે પેકેજ્ડ દૂધને ૫% ય્જી્માંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણય લાગુ થતાં જ દેશની સૌથી મોટી દૂધ ઉત્પાદક બ્રાન્ડ અમૂલ અને મધર ડેરીના દૂધના ભાવમાં તાત્કાલિક રાહત મળશે.

GSTની આ મુક્તિનો સીધો ફાયદો સામાન્ય ગ્રાહકોને થશે કારણ કે દૂધ પરનો ૫% કર દૂર કરવામાં આવશે. આ પગલાનો ઉદ્દેશ્ય વધતી જતી મોંઘવારી વચ્ચે દૂધ જેવી આવશ્યક વસ્તુને વધુ સસ્તું બનાવવાનો છે જેથી દરેક પરિવારને સસ્તું અને ગુણવત્તાયુક્ત દૂધ મળી શકે.

અમૂલ ઉત્પાદનોમાં ફુલ ક્રીમ દૂધ અમૂલ ગોલ્ડ ની કિંમત લગભગ રૂપિયા ૬૯ પ્રતિ લિટર છે, જ્યારે ટોન્ડ દૂધ રૂપિયા ૫૭ પ્રતિ લિટરમાં વેચાય છે. તેવી જ રીતે, મધર ડેરીનું ફુલ ક્રીમ દૂધ રૂપિયા ૬૯ અને ટોન્ડ દૂધ લગભગ રૂપિયા ૫૭માં મળે છે. ભેંસ અને ગાયના દૂધના ભાવ પણ રૂપિયા ૫૦-૭૫ની વચ્ચે છે.

સરકારની યોજના મુજબ, દૂધના ભાવમાં પ્રતિ લિટર લગભગ રૂપિયા ૩ થી રૂપિયા ૪નો ઘટાડો થશે. ઉદાહરણ તરીકે, અમૂલ ગોલ્ડનો ભાવ લગભગ રૂપિયા ૬૫-૬૬ સુધી ઘટી જશે, જ્યારે મધર ડેરીના ફુલ ક્રીમ દૂધના ભાવ પણ આ જ રેન્જમાં આવવાની ધારણા છે. ટોન્ડ દૂધ અને ભેંસના દૂધ પર પણ આવી જ રાહત જોવા મળશે.

કયા પ્રકારનું દૂધ સસ્તું થશે ?

અમૂલ ગોલ્ડ (ફુલ ક્રીમ) – રૂપિયા ૬૯ થી ૬૫-૬૬

અમૂલ ફ્રેશ (ટોન્ડ મિલ્ક) – રૂપિયા ૫૭ થી ૫૪-૫૫

અમૂલ ટી સ્પેશિયલ – રૂપિયા ૬૩ થી ૫૯-૬૦

ભેંસનું દૂધ – રૂપિયા ૭૫ થી ૭૧-૭૨

ગાયનું દૂધ – રૂપિયા ૫૮ થી ૫૫-૫૭

મધર ડેરી ફુલ ક્રીમ – રૂપિયા ૬૯ થી ૬૫-૬૬

મધર ડેરી ટોન્ડ મિલ્ક – રૂપિયા ૫૭ થી ૫૫-૫૬

મધર ડેરી ભેંસનું દૂધ – રૂપિયા ૭૪ થી ૭૧ મધર ડેરી ગાયનું દૂધ – રૂપિયા ૫૯ થી ૫૬-૫૭

સરકારનો આ નિર્ણય ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવશે. આ પછી અમૂલ અને મધર ડેરી સહિત અન્ય પેકેજ્ડ દૂધ ઉત્પાદનોના ભાવ નવા GST ફ્રી દરે નક્કી કરવામાં આવશે, જેનાથી બજારમાં દૂધના ભાવ ઝડપથી ઘટશે.

### યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# અમરેલી જિલ્લાના બાવન સદસ્યોએ નવી દિલ્હી ખાતે ઇફકો ઓફિસની મુલાકાત લીધી

## ૩ દિવસીય લીડરશીપ ડેવલપમેન્ટ તાલીમ અંતર્ગત મુલાકાત



અમરેલી, તા ૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાપ્રયક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અપ્રયક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ન્યુ દિલ્હી ખાતે અમરેલી જિલ્લાની વિવિધ સેવા અને શરાફી મંડળીઓના પર સદસ્યોંને ત્રણ દિવસીય લીડરશીપ ડેવલોપમેન્ટ તાલીમ માટે મોકલવામાં આવેલ જે અંતર્ગત ઈફકો ખાતે મુલાકાત લીધી હતી. જયાં તમામનું સ્વાગત કરવામાં આવેલ તેમજ નેનો યુરિયા અને નેનો ડીએપી ની શોર્ટ ફિલ્મ દ્વારા માહિતી આપવામાં આવેલ હતી આ અવસરે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા નેનો યુરિયા અને નેનો ડીએપીના લાભો વિશે માહિતી આપી હતી અને ખેડૂતોને વાપરવા માટે અપીલ કરી હતી.

### રાષ્ટ્રીય અંધજન મંડળ માટે

# અમરેલી : કે.કે. પારેખ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા આર્થિક યોગદાન અપાયુ

## ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને નિયામકે શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો દ્વારા રાષ્ટ્રીય અંધજન મંડળને માતબર રકમનું યોગદાન આપવામાં આવ્યું. આ યોગદાન એકત્રિત કરવામાં કોલેજના સિનિયર પ્રાધ્યાપક જે. એમ. તળાવીયા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ.કે. વાળા તથા ડો. એ. બી. ગોરવાડીયા તથા કોલેજના વર્ગ ૪ના કર્મચારી ગોબરભાઈ સોરઠીયાએ જહેમત ઉઠાવી હતી. આ યોગદાન બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવિયા તથા અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. જી. સી. ભીમાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### સમાજ માટે પ્રેરણા સમાન ઘટના

# સાવરકુંડલા ખાતે પાંચ દીકરીઓએ પિતાને કાંધ આપી અને અગ્નિદાહ કર્યો

## અગ્નિ સંસ્કાર પણ તેમના દ્વારા કરવામાં આવેલ



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાના સુથાર સમાજમાં એક અસાધારણ અને અત્યંત પ્રેરણાદાયક ઘટના જોવા મળી છે. સ્વર્ગસ્થ ધનજીભાઈ બાબુભાઈ સોનિગરા (ઉંમર ૭૫) ની પાંચ દીકરીઓએ તેમના પિતાના અંતિમ સંસ્કારની તમામ વિધિઓ જાતે કરીને 'દીકરો–દીકરી એક સમાન'ના ઉચ્ચ વિચારને સમાજ સમક્ષ ચરિતાર્થ કર્યો છે.સામાન્ય રીતે ધાર્મિક પરંપરાઓ અનુસાર, અંતિમયાત્રામાં કાંધ આપવા અને અગ્નિદાહ આપવાનું કાર્ય દીકરાઓ દ્વારા કરવામાં આવે છે. પરંતુ, આ પાંચ સંસ્કારી દીકરીઓએ પોતાના પૂજય પિતાને અંતિમ વિદાય આપી. આ હૃદયસ્પર્શી દ્રશ્યોએ ઉપસ્થિત સૌને ભાવુક કર્યા હતા અને સમાજ માટે એક અદભુત ઉદાહરણ પૂરૂ પાડયું હતું.

ધનજીભાઈનું ૭૫ વર્ષની વયે અવસાન થયું. તેમને કોઈ દીકરો ન હોવા છતાં, તેમની પાંચ દીકરીઓએ પુત્રની ગેરહાજરી અનુભવવા દીધી નહિ. તેમની અંતિમયાત્રામાં, પાંચેય દીકરીઓએ સ્મશાન સુધી કાંધ આપીને દીકરી તરીકેની તેમની ફરજ નિભાવી. ત્યારબાદ, સ્મશાનભૂમિમાં પણ આ દીકરીઓએ જ ચિતાને અગ્નિદાહ આપીને પિતાને મોક્ષની યાત્રામાં સહાય કરી.આ પ્રસંગે હાજર સુથાર સમાજના વડીલો અને અગ્રણીઓએ આ દીકરીઓની હિંમત, શ્રધ્ધા અને પિતા પ્રત્યેની અસીમ શ્રધ્ધાને ખૂબ બિરદાવી હતી. આ ઘટનાએ વાતનો સચોટ પુરાવો છે કે દીકરીઓ પણ દીકરાની જેમ જ દરેક જવાબદારી પૂરી કરી શકે છે. સ્વ. ધનજીભાઈએ તેમની દીકરીઓને આપેલા ઉમદા સંસ્કારોનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જયાં પ્રેમ અને શ્રધ્ધા હોય, ત્યાં પરંપરાઓ કરતાં માનવતા અને કર્તવ્યનું પાલન વધુ મહત્વપૂર્ણ છે.

# અમરેલીનાં તપોવન આશ્રમમાં તપસ્વીઓ દ્વારા ગણેશ વિસર્જન



અમરેલી, તા. ૮

સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓ દ્વારા ભગવાન ગપતિજીનું વિસર્જન કરવામાં આવેલ.

આ તકે સારહિ તપોવન આશ્રમ પરિવાર તથા સારહિ પરિવાર વતિ નરેન્દ્રભાઈ પરમાર, જીગ્નેશભાઈ દાફડા, ભાવેશભાઈ વાળોદરા, નીતિનભાઈ હીરાણી, મહાદેવભાઈ ઠાકર તથા સહિતના ઉપસ્થિત રહેલ.

# સાવરકુંડલા : મહિલા અધ્યાપન મંદિરમાં કાનૂની માર્ગદર્શન યોજાયુ



સાવરકુંડલા, તા. ૮

ભારત સરકાર દ્વારા ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન અંતર્ગત તા.૨/૯/૨૫ થી ૧૨/૯/૨૫ સુધી ૧૦ દિવસ સ્પેશિયલ અવેરનેસ કેમ્પેઈન અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારી અમરેલીના માર્ગદર્શન મુજબ તા. ૬/૯/૨૫ના રોજ સાવરકુંડલા મહિલા અધ્યાપન મંદિરમાં પીટીસીની તાલીમાર્થી બહેનો સાથે કામકાજના સ્થળે જાતિય સતામણી અટકાયત અધિનિયમ ૨૦૧૩ અને SHEBOX પોર્ટલ અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનોને કામકાજના સ્થળે જાતિય સતામણી અટકાયત અધિનિયમ ૨૦૧૩ અંગે જાગૃતિકરણ આપતી 'પ્રતિકાર' દર્શાવવામાં આવેલ. તેમજ કામકાજના સ્થળે જાતિય સતામણી અટકાયત અધિનિયમ ૨૦૧૩ અને SHEBOX પોર્ટલ અંગે તેમજ મહિલા અને બાળવિકાસ વિભાગની તમામ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી તેમજ યોજનાકીય પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને સાથો સાથ અત્યારના સમયમાં મહિલા માટેની વિવિધ યોજનાઓ અને મહિલા માટેના કાયદાઓ જેમ કે સ્ત્રી સશકિતકરણ, નારી સહયતા માટેના કાયદાઓ, સ્ત્રીઓ પ્રત્યે થતા દૂર વ્યવહારો, અત્યાચારની સામે રક્ષણ આપતા કાયદાઓ અને તે માટે મદદરૂપ થતી વિવિધ સંસ્થાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં સાવરકુંડલા નગરપાલિકા સદસ્ય કેશુભાઈ બગડા, અધ્યાપન મંદિરના પ્રમુખ નીલાબેન વાઘાણી, જિલ્લા મિશન કો ઓર્ડીનેટર હસમુખભાઈ રાઠોડ, મહિલા સહાયતા કેન્દ્ર સાવરકુંડલાના કાઉન્સેલર નજમાબેન દલ, કુટુંબ સલાહ કેન્દ્રના કાઉન્સેલર રફીકભાઈ કુરેશી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મહિલા અધ્યાપન મંદિરના આચાર્ય બાબુભાઈ ચાવડા, ડો. રવિભાઈ મહેતા, ભાવેશભાઈ કાકલોતર અને અરૂણાબેન રેણુકા આ કાર્યક્રમના આયોજનમાં મદદરૂપ બન્યા હતા એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

# સાવરકુંડલા ખાતે ઈદે મિલાદ નબીનું જુલુસ યોજાયુ



સાવરકુંડલા, તા. ૮

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમદ પયંગમ્બર સાહેબના ૧૫૦૦ જન્મ જયંતિ નિમિતે દેશભરમાં જશ્ને ઈદે મિલાદુન્નબી તહેવાર મનાવવામાં આવેલ. જેમાં સાવરકુંડલાના પીર સૈયદ દાદા બાપુની દુઆ અને પીર સૈયદ મુનીર બાપુ કાદરીની આગેવાનીમાં અત્રેની જુમ્મા મસ્જિદ પાસેથી એક વિશાલ જુલૂસ નીકળેલ હતું. આ જુલૂસ ટાવર ચોક સંઘી ચોક આંબલીશેરી, ગાંધી ચોક, શેઠ શેરી, મણિભાઈ ચોક, નાવલી નદી, જુના બસ સ્ટેન્ડ, પોલીસ સ્ટેશન, ખાટકીવાડ, ગાયોના ગોંદરા, પઠાણ ફળી, ખરીદ વેચાણ સંઘ મદીના મસ્જિદ વિગેરે શહેરના વિવિધ મુખ્ય હાર્દસમા વિસ્તારમાં ફરી લીમડી ચોકના વિશાળ પટાંગણમાં ધર્મ સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ હતું. ત્યાં નાત શરીફ સાલાતો સલામ ત્યારબાદ સમાપ્ત કરવામાં આવેલ હતું. આ વિશાળ જુલૂસનું ઠેર ઠેર ઠંડા સરબત, કોલ્ડ્રિંકસ, લચ્છી, ચા કોફી, પેંડા વિગેરે ખાણી પીણી ન્યાઝ રૂપે તકસીમ કરવામાં આવેલ. હુજુર પાકની શાનમાં નારાઓથી શહેર ગુંજી ઉઠયું હતું. આ જુલૂસમાં સાદેતે કિરામ ઉલ્મા એ કિરામ વિવિધ જમાતના પ્રમુખો હાજી અબાલ વૃધ્ધ સહિત હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડેલ હતા. આ જુલુસમાં અમરેલી, ભાવનગર, રાજકોટ વિગેરે સૌરાષ્ટભરમાંથી લોકો આ તહેવારનો લાભ લેવા પધારેલ હતા એમ ઈકબાલ ગોરી એક યાદીમાં જણાવ્યું હતું.

### બાબરા ખાતે

# ભારતેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ગણપતિ મહોત્સવની ઉજવણી

## બાપાને છપ્પન ભોગ ધરાવાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં ખડીયાપા શેરી વિસ્તારમાં શ્રી ભારતેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ગણપતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ શ્રી ભારતેશ્વર મહાદેવ કા રાજા ગણપતિદાદાને સ્થાનિક રહીશોને છપ્પન ભોગ ધરાયો ભાવિકો દ્વારા દર્શન કરી ધન્યતા અનુભવી.

### કોંગ્રેસે કરી રાજીનામાની માંગ

# વિધાનસભા સત્રમાં મંત્રી બચુ ખાબડને લઈ કોંગ્રેસ આક્રમક

## કોંગ્રેસના નેતાઓએ હાથમાં પોસ્ટર સાથે વિરોધ કર્યો

ગાંધીનગર, તા.૮

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસુ સત્રનો પ્રારંભ થયો. પ્રથમ દિવસે પ્રશ્નોતરી કાળબાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સત્ર મુલતવી રાખવામાં આવ્યું હતું. જો કે કોંગ્રેસના સભ્યોએ વિધાનસભાની બહાર હાથમાં પોસ્ટરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા અને વિધાનસભાનો ઘેરાવો કરવાનો પ્રયાસ કર્યો હતો.

આજથી ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ચોમાસું સત્ર મળ્યું. સત્રના પ્રથમ દિવસે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. વિધાનસભામા ગૃહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. અંજલિબેન રૂપાણી, તેમજ તેમના પુત્ર ઋષભ રૂપાણી સહિત ભાજપના નેતાઓએ વિજયભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. વિધાનસભા પોડીયમ ખાતે વિજય રૂપાણીનીં ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યુ હતું.

સત્રને લઈ સરકારને ઘેરવા માટે કોંગ્રેસે રણનીતિ બનાવી. વિધાનસભા બહાર કોંગ્રેસના ધારાસભ્યોએ મંત્રી બચુ ખાબડને લઈ વિરોધ કર્યો અને મંત્રી બચુ ખાબડના રાજીનામાની માંગણી કરી હતી. કોંગ્રેસના નેતાઓએ હાથમાં પોસ્ટર સાથે વિરોધ કર્યો હતો.

વિધાનસભા સત્રમાં પ્રજાના પ્રશ્નોનો પર કોઈ પણ પ્રકારની ચર્ચા ન થાય તેવા સરકાર પ્રયાસ કરતી હોવાનો કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ આરોપ લગાવ્યા છે. રાજ્યમાં અતિવૃષ્ટી, તેમજ તુટેલા રસ્તાને લઈ કોંગ્રેસે ચર્ચા કરવાની માંગ કરી છે પરંતુ સરકાર આ બાબતે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવા માંગતી ન હોવાની તુષાર ચૌધરીએ વાત કરી.

આ તરફ વિસાવદરથી ચૂંટાયેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીએ પ્રથમ વખત વિધાનસભા સત્રમાં હાજરી આપી હતી..ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા સત્રમાં પૂરક પ્રશ્ન પૂછયો હતો. ત્રણ દિવસના વિધાનસભાના સત્રના પ્રથમ દિવસે કોઈ કામગીરી કરવામાં આવી નથી. જો કે હવે માત્ર બે દિવસ સુધીનું વિધાનસભાનું સત્ર બાકી છે ત્યારે આવતીકાલે મળનારુ વિધાનસભાનું સત્ર તોફાની બને તેવે શક્યતા દેખાઈ રહી છે.

### ૮૪ તાલુકામાં ૪૦ ઇંચથી વધુ, કુલ ૮૩૫૭ લોકોનું સ્થળાંતર

# ગુજરાતમાં આ વર્ષે સિઝનનો ૧૦૬ ટકા વરસાદ થયો

## કચ્છના ભચાઉમાં ૪.૧૩ ઇંચ અને નખત્રાણામાં ૩.૫૮ ઇંચ વરસાદ વરસ્યો છે

ગાંધીનગર,તા.૮

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે. જેમાં કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે નદી-નાળા, ડેમ છલકાયા છે, તો અતિભારે વરસાદને પગલે જનજીવન ખોરવાયું છે. જ્યારે રાજયના ૩૯૨ રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. તમને જણાવી દઈએ કે, રાજ્યમાં આ વર્ષે સિઝનનો ૧૦૬ ટકા વરસાદ ખાબક્યો છે. ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ(SEOC), આજે સોમવારે જાહેર કરાયેલા ચોમાસુ-૨૦૨૫ રિપોર્ટ પ્રમાણે આ વર્ષે સિઝનનો ૯૪૩ મિ.મી. વરસાદ ખાબક્યો છે. જેમાં રાજયના ૨૪ તાલુકામાં ૨૫૧થી ૫૦૦ મિ.મી., ૧૪૩ તાલુકામાં ૫૦૧થી ૧૦૦૦ મિ.મી. અને ૮૪ તાલુકામાં ૧૦૦૦ મિ.મી.થી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં કચ્છના લખપતમાં ૫.૧૨ ઈંચ, રાપરમાં ૪.૭૨ ઈંચ, બનાસકાંઠાના ભાભરમાં ૪.૨૯ ઈંચ, કચ્છના ભચાઉમાં ૪.૧૩ ઈંચ અને નખત્રાણામાં ૩.૫૮ ઈંચ વરસાદ વરસ્યો છે.

ગુજરાતના ૨૦૬ ડેમમાંથી ૧૩૨ ડેમ હાઈ એલર્ટ, ૧૯ એલર્ટ અને ૧૪ ડેમને લઈને વોર્નિંગ જાહેર કરી છે. જેમાં ૧૦૧ જેટલાં ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. જ્યારે ૬૪ ડેમ ૭૦થી ૧૦૦ ટકા જેટલા ભરાયા છે. તેમજ નર્મદા ડેમની સ્થિતિની વાત કરીએ તો તે ૯૧ ટકા ભરાયો છે. ગુજરાત SEOCના આંકડા મુજબ, ગત ૧ જૂન, ૨૦૨૫થી આજે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં ચોમાસાની સિઝનમાં અતિભારે વરસાદને લઈને રાજ્યમાં કુલ ૮૩૫૭ લોકોનું સ્થળાંતર કરાયું છે, જ્યારે આપત્તિજનક સ્થિતિમાં ૧૧૫૪ લોકોનો બચાવ કરવામાં આવ્યો છે.

### બંને પક્ષો મતદાનમાં નહીં લે ભાગ

# ચૂંટણીના એક દિવસ પહેલા BRS-BJDની મોટી જાહેરાત

## બીજુ જનતા દળ અને ભારત રાષ્ટ્ર સમિતિએ મતદાનથી દૂર રહેવાની જાહેરાત કરી છે

નવી દિલ્હી, તા.૮

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં હવે માત્ર એક દિવસ બાકી છે, ત્યારે બે તટસ્થ દળો - કે. ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) અને નવીન પટનાયકની આગેવાની હેઠળની બીજુ જનતા દળ (BJD)એ મતદાનથી દૂર રહેવાની જાહેરાત કરી છે. નોંધનીય છે કે, આ બંને પક્ષો રાષ્ટ્રીય સ્તરે કોઈપણ ગઠબંધનનો ભાગ નથી.

બંને પક્ષોએ જણાવ્યું છે કે તેઓ NDA અને ઈન્ડિયા બ્લોક બંનેથી સમાન અંતર જાળવી રાખશે અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાનમાં ભાગ લેશે નહીં. BRSના કાર્યકારી અધ્યક્ષ કે.ટી. રામા રાવે સોમવારે કહ્યું કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ ન લેવાનો નિર્ણય તેલંગાણાના યુરિયાની અછતને લઈને ખેડૂતોની પીડાની અભિવ્યક્તિ છે.

તેમણે ભાજપ અને કોંગ્રેસ બંને પર યુરિયાની અછતના મુદ્દાને ઉકેલવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, યુરિયાની અછત એટલી બધી છે કે ખેડૂતો લાઈનમાં ઊભા છે, સતત ઘર્ષણ સર્જાવાના સમાચાર સામે આવી રહ્યા છે. કે.ટી. રામા રાવે જણાવ્યું કે જો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં "નોટા"નો વિકલ્પ ઉપલબ્ધ હોત તો મ્ઇજી તેનો ઉપયોગ કરેત.

BJD નેતા સસ્મિત પાત્રાએ જણાવ્યું કે, તેમના પક્ષની પ્રાથમિકતા ઓડિશાના સાડા ચાર કરોડ લોકો છે. પાત્રાએ કહ્યું, "અમારા પક્ષના અધ્યક્ષ નવીન પટનાયક દ્વારા વરિષ્ઠ નેતાઓ, રાજકીય બાબતોની સમિતિ અને સાંસદો સાથે ચર્ચા કર્યા બાદ આવતીકાલે યોજાનારી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. BJD, NDA અને ઈન્ડિયા બ્લોક બંનેથી સમાન અંતર જાળવી રહ્યું છે. અમારું ધ્યાન ઓડિશા અને ઓડિશાના સાડા ચાર કરોડ લોકોના વિકાસ અને કલ્યાણ પર કેન્દ્રિત છે."ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ૯ સપ્ટેમ્બરે સવારે ૧૦ વાગ્યે શરૂ થશે અને સાંજે ૫ વાગ્યે સમાપ્ત થશે. ઈન્ડિયા બ્લોકે પૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડીને અને NDAએ સી.પી. રાધાકૃષ્ણનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી એક ચૂંટણી મંડળ દ્વારા થાય છે, જેમાં સંસદના બંને ગૃહોના સાંસદોનો સમાવેશ થાય છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી બંધારણની કલમ ૬૪ અને ૬૮ની જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થાય છે. ૨૧ જુલાઈએ સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે આરોગ્યના કારણોસર જગદીપ ધનખડના રાજીનામા બાદ ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી થયું હતું.

### હાસ્ય કલાકાર અને લેખક ડો.જગદીશ ત્રિવેદી દ્વારા

# ભૈ વાહ : ટીંબી શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને સીટીસ્કેન બિલ્ડીંગ માટે અનુદાન

## રૂપિયા ૭૬ લાખ જેવી માતબર રકમનો થશે ખર્ચ



દામનગર, તા. ૮

ઉમરાળા સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીબીમાં સેવાકાર્યથી ખૂબજ પ્રભાવિત સને ૨૦૨૧થી વખતોવખત અનુદાન આપનાર ઉદારદિલ દાતા, હોસ્પિટલનાં શુભેચ્છક, કરૂણાવાન હાસ્યકલાકાર, લેખક, ચિંતક અને સમાજસેવક એવા ડો. જગદિશભાઈ ત્રિવેદી (પદ્મશ્રી) દ્વારા સી.ટી. સ્કેન બિલ્ડીંગ નિર્માણ માટે ટ્રસ્ટી બી.એલ. રાજપરા સાથે અમેરીકાથી ફોનમાં વાત કરીને વધુ અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા અનુદાન આપવાનો સંકલ્પ જાહેર કરેલ છે. જેથી આ સી.ટી. સ્કેન બિલ્ડીંગ માટે તેઓનું પોતાનું વ્યકિતગત અંકે રૂપિયા એકાવન લાખ પુરા અનુદાન થયેલ છે. ઉપરાંત તેઓશ્રીનાં સેજન્યથી આ બિલ્ડીંગ માટે અન્ય અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા આવેલ હોવાથી તેઓ દ્વારા સી.ટી. સ્કેન બિલ્ડીંગ માટે કુલ અંકે રૂપિયા છોતેર લાખ પુરા અનુદાન થાય છે. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ડો. જગદિશભાઈ ત્રિવેદી (પદ્મશ્રી) તથા તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

# દામનગર ખાતે ખેડૂતોને સબસીડી યુકત ખેત સાધન વિતરણ કેમ્પ યોજાયો


તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર લાઠી તાલુકા ખેતીવાડી શાખા દ્વારા ખેડૂતોને એજીઆર યોજના ટેક્ટર ઘટક હેઠળ ૧૨૫ ખેડૂતોને ટેક્ટર રોટાવેટર થેચર સહિત સબસીડી યુકત ખેત સાધન વિતરણ ચકાસણી કેમ્પ યોજાયો દામનગર ખેત ઉત્પાદન બજાર માર્કેટ યાર્ડ ખાતે ગુજરાત સરકાર દ્વારા તાલુકાના ખેડૂતોને એજીઆર યોજના ટેક્ટર ઘટક હેઠળ ૧૨૫ જેટલા ખેડૂતોને ટેક્ટર રોટાવેટર થેચર સહિત ખેતસાધન વિતરણ ચકાસણી સબસીડી કેમ્પ યોજાયો સમગ્ર લાઠી તાલુકાના અનેકો ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પોતપોતાના ખેતી વિષયક વાહનો સાથે દામનગર માર્કેટ યાર્ડ પરિસરમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા લાઠી તાલુકા પંચાયતના ખેતીવાડી અધિકારી વિક્રમભાઈ દેથલિયા વિસ્તરણ અધિકારી ગ્રામસેવક એ.વી. હુંમલ, મયુરભાઈ કુવાડીયા, મધુબેન ડાભી, દામનગર શહેર માર્કેટ યાર્ડના દેવેન્દ્રભાઈ આચાર્ય, સતિષભાઈ કથીરિયા, દામનગર નગરપાલિકાના અમિતભાઈ આચાર્ય સહિત અનેક કર્મચારીઓની ઉપસ્થિતિમાં વિવિધ યાંત્રિક ખેત ઓજારો ઉપર સરકાર દ્વારા ૧૨૫ જેટલા ખેડૂતોને ૪૦ ટકા જેવા સબસીડીયુકત કૃષિ વિષયક યાંત્રિક સાધનોની ફાળવણી સબસિડી અને ચકાસણી કેમ્પ યોજાયો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં એસ.ટી.નાં 3 કર્મચારીઓએ

ન્યાય નહીં મળે તો આત્મવિલોપનનો માર્ગ અપનાવાશે.

આંદોલનની જાણ થતાં અમરેલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને ઉપવાસી કર્મચારીઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પોલીસ ગાડીમાં બેસાડીને હોસ્પિટલ લઈ જવામાં આવેલા કર્મચારીઓએ સારવાર સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. પરિણામે પોલીસે તેમને નજર કેદ હેઠળ રાખ્યા. આંદોલનકારીઓએ ચીમકી આપી કે તેઓ હોસ્પિટલ, પોલીસ સ્ટેશન કે જેલમાં કયાંય પણ અન્નજળનો ત્યાગ ચાલુ રાખશે.

આંદોલન અંગે સામાજિક કાર્યકર્તા નરેશ વાળાએ જણાવ્યું કે, એસ.ટી. કર્મચારીઓ લાંબા સમયથી ઉપરી અધિકારીઓના ત્રાસનો ભોગ બની રહ્યા છે. તેઓના પ્રશ્નો ઉકેલવાના બદલે દબાણ કરાયું છે, જેના કારણે કર્મચારીઓ આંદોલન કરવા મજબૂર બન્યા છે. સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરી સમસ્યાનું સમાધાન લાવે નહિ તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે.

હાલમાં પોલીસે અને હોસ્પિટલ તંત્રએ કર્મચારીઓની તબિયત પર નજર રાખી છે, પરંતુ તેમના અડગવલણને કારણે આંદોલન તીવ્ર બનતું જાય છે. કર્મચારીઓના આંદોલનને સ્થાનિક સમાજના કેટલાક લોકોનું સમર્થન પણ મળી રહ્યું છે. જો તાત્કાલિક ઉકેલ ન આવે તો આંદોલન રાજયવ્યાપી સ્વરૂપ ધારણ કરવાની શકયતા છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૩૨૦ | ૧૪૧૦ |
| ૨ | કપાસ જુનો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૩ | મગફળી | ૯૪૫ | ૧૦૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૧૯૦૦ |
| ૫ | જીરૂ | ૨૮૮૦ | ૩૫૦૦ |
| ૬ | ઘઉં | ૪૭૧ | ૫૩૯ |
| ૭ | અડદ | ૯૧૦ | ૧૧૯૦ |
| ૮ | મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૮૦ | ૯૯૮ |
| ૨ | શિંગ મોટી | ૫૦૫ | ૧૦૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૨૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૨૨૦ |
| ૬ | તલ કાળા | ૨૫૨૦ | ૪૫૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૧૦ | ૨૩૫૦ |
| ૮ | જુવાર | ૭૭૧ | ૭૭૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૪ | ૫૭૪ |
| ૧૧ | મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| ૧૨ | અડદ | ૭૧૦ | ૧૨૯૦ |
| ૧૩ | ચણા | ૮૯૦ | ૧૧૨૩ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | તુવેર | ૧૧૦૫ | ૧૨૨૫ |
| ૧૬ | વાલ | ૫૧૮ | ૮૧૫ |
| ૧૭ | કપાસ | ૮૪૦ | ૧૫૯૨ |
| ૧૮ | એરંડા | ૧૧૫૫ | ૧૨૩૫ |
| ૧૯ | જીરૂ | ૩૪૭૬ | ૩૪૭૬ |
| ૨૦ | ગમ ગુવાર | ૮૦૦ | ૮૧૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ૨૨ | મેથી | ૬૧૦ | ૮૫૧ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૮૩૪ |
| ૨૪ | રજકાનુ બી | ૨૭૨૫ | ૩૭૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાંથી અમેરિકાની ટેરીફ

પણ કરી દીધી છે.

આ અંગે અમરેલીના અનુકંપા ફાઉંડેશનના પ્રમુખ અને અમરેલી ભાજપનાં પુર્વ અધ્યક્ષ ડો. ભરત કાનાબાર દ્વારા એક પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને 'સ્વદેશી અપનાવવા'ની અપીલ કરી છે. આમ જનતા માટે કંઈ વસ્તુ સ્વદેશી છે અને કંઈ વસ્તુ વિદેશી છે એ નકકી કરવું ઘણીવાર મુશ્કેલ બને છે. સ્વદેશી ઉત્પાદનો લોકો સહેલાઈથી ઓળખી શકે તે માટે મેં એક સૂચન કરેલ કે જેમ વેજીટેરીયન અને નોન–વેજીટેરીયન પ્રોડકટ પર ગ્રીન અને રેડ સીમ્બોલ લગાવાય છે તેમ સ્વદેશી ચીજ–વસ્તુઓના ઉત્પાદન પર કેસરી (ભગવા) કલરનું સીમ્બોલ લગાડવું જોઈએ.

અમરેલી અનુકંપા ફાઉન્ડેશન દ્વારા ખાસ આ માટે થઈ એક મુહિમ ચલાવવાનું નકકી કર્યુ છે અને અમારા આ પ્રયાસોને કારણે અમરેલી સ્થિત શીતલ કૂલ પ્રોડકટ લી. દ્વારા જે અનેક વિધ ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે તેમણે તેમના ઉત્પાદનો પર આ સીમ્બોલ અને આત્મનિર્ભર ભારતનો અમે બનાવેલ લોગો લગાવવાનું શરૂ કર્યુ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્વદેશી વસ્તુઓ સામાન્ય વ્યકિત પણ આસાનીથી ઓળખી શકે તેવા સિમ્બોલ (ઓળખચિન્હ)ની અમારી આ ઝુંબેશનો મેસેજ વધુ લોકો અને ઉત્પાદકો સુધી પહોંચે તે માટેનો પ્રથમ અમરેલીમાંથી થવા પામેલ છે અને આગામી દિવસોમાં વધુ એક સોફટડ્રિંકસ બનાવતી મોટી કંપની પણ પોતાનો ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે તેમણે તેમના ઉત્પાદનો પર આ સીમ્બોલ અને આત્મનિર્ભર ભારતનો અમે બનાવેલ લોગો લગાવવાનું શરૂ કરવા જઈ રહી છે. તેમ અમરેલીના અનુકંપા ફાઉંડેશનના પ્રમુખ અને અમરેલી ભાજપન પુર્વ અધ્યક્ષ ડો. ભરત કાનાબાર દ્વારા અંતમાં જણાવ્યું હતું.

અમરેલી સ્થિત શીતલ કૂલ પ્રોડકટ લી.ના મેનેજીંગ ડિરેકટર્સ દિનેશ ભુવાએ જણાવ્યું હતું કે, પોતાની કંપની દ્વારા ૪૫૦ થી પણ વધુ ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે. કંપનીના તમામ ઉત્પાદનો પર આ કેસરી સીમ્બોલ અને આત્મનિર્ભર ભારતનો અમે બનાવેલ લોગો લગાવવાનું શરૂ કર્યુ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ૨ | મગફળી | ૫૦૦ | ૧૦૪૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૫ | ૪૮૫ |
| ૪ | ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૫ | તલ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| ૬ | ફાડા | ૮૦૦ | ૧૨૦૫ |
| ૭ | મકાઈ | ૩૭૫ | ૩૭૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૩૪૦ |
| ૯ | વાલ | ૭૧૦ | ૭૧૦ |
| ૧૦ | મેથી | ૮૧૫ | ૮૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી | ૮૦૦ | – |
| ૨ | શીંગ દાણા | – | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૪૩૫૦ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૫૦૦ |
| ૬ | કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૭ | કપાસ નવો | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૧૧ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૭૫૧ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૦ |

## યુવા નેતા મનીષ સંઘાણીની રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ અને અનુસંધાન સંસ્થામાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે નિમણુંક



અમરેલી, તા. ૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ અને અનુસંધાન સંસ્થામાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ પર નિયુક્તિ કરવામાં આવેલ હતી. આ સંસ્થા સહકારીક્ષેત્રની તાલીમ અને સંશોધનનું કાર્ય કરે છે. ત્યારે આ નિયુક્તિથી સમગ્ર અમરેલી જિલ્લામાં ખુશીની લહેર જોવા મળી હતી. ઉપરાંત સહકારી આગેવાનો દ્વારા મનીષ સંઘાણીની નિમણૂકને આવકારી અને અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

## પાના ૧ ઉપરનું ચાલું ખેડૂતોને સહાય આપો

તો કોંગ્રેસ ખેડૂતોના હિત માટે તીવ્ર આંદોલન કરશે."

ખેડૂતોના પ્રતિનિધિઓએ આવેદનપત્ર દ્વારા સ્પષ્ટ માંગણી કરી છે કે સહાય પેકેજ તમામ પાકોને આવરી લે, જેથી અતિવૃષ્ટિથી પીડિત ખેડૂતોને ન્યાય મળી શકે. હાલના આંદોલનથી ખેડૂતોમાં વ્યાપક અસંતોષ ઝળકી રહ્યો છે અને જો સમયસર નિર્ણય નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનવાની સંભાવના છે.

સાવરકુંડલા તાલુકા નાં ગામોના ખેડૂતો આગેવાનો સાથે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ હતું. જેમાં નરેશભાઈ દેવાણી, મહેશભાઈ જયાણી, હાર્દિકભાઈ કાનાણી, કિરીટભાઈ દવે, અનિભાઈ ધામેલીયા, જસુભાઈ ખુમાણ, વિનુભાઈ ગુંદરણીયા, ગોરધનભાઈ રાદડીયા, ઘનશ્યામભાઈ દુધાત, દેવચંદભાઈ દુધાત, વનરાજભાઈ ખંઢેલા, પ્રકાશભાઈ બગડા, વિપુલભાઈ ઉનાવા, અશોકભાઈ ખુમાણ, અજયભાઈ ખુમાણ, દીપકભાઈ સભાયા, મહેશભાઈ ચોડવડીયા, રાજેભાઈ ચૌહાણ, હિતેશભાઈ જયાણી, સાહીલભાઈ શેખ, મુકેશભાઈ શ્યોરા, વિપુલભાઈ ચાંચડ, પ્રવીણભાઈ કાછડિયા, પોપટભાઈ કાછડિયા, બાબુભાઈ પીપળીયા, સંજયભાઈ વાઘેલા, ભાભલુંભાઈ ખુમાણ, ગુલાબસિહબાપુ જાડેજા, ગોરધનભાઈ અમરેલીયા, સુરેશભાઈ ગલીયેર, વગેરે આગેવાનો તેમજ ગામના ખેડૂત મિત્રો હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**વડિયા :** અમરાપુર (ધાનાણી) નિવાસી સવિતાબેન ભાઈશંકરભાઈ જાની (ઉંમર વર્ષ ૧૦૭) તેઓ મહાશંકરભાઈ, જગદીશભાઈ, પ્રવીણભાઈ તથા સુરેશચંદ્ર જાનીના માતૃશ્રી તા. ૮/૯/૨૦૨૫ ને સોમવારના રોજ કૈલાશ વાસી થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૩૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૪ | ૫૬૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૧ |
| ૪ | સોયાબીન | ૭૬૫ | ૮૧૪ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૬ | શીંગફાડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૭ | ચણા | ૭૨૫ | ૧૦૫૫ |
| ૮ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| ૯ | તલ કાળા | ૩૩૫૦ | ૩૩૫૦ |
| ૧૦ | ધાણા | ૧૧૫૫ | ૧૧૫૫ |

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સ્વયં શિક્ષક દિન ઉજવાયો



અમરેલી, તા. ૮

૫, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિને આપણે ત્યાં શિક્ષણદિન તરીકે ઉજવાય છે. સમાજમાં શિક્ષકોનું સાત્વિક અને નિષ્ઠાવાન પ્રદાન છે. તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતઓના અભિવાદન માટે અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૫ સપ્ટેમ્બરનાં દિવસે સ્વયંશિક્ષણદિનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ધો. ૬ થી ૧૨નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષક બની આજના દિવસનું શૈક્ષણીક કાર્યનું સુંદર સંચાલન કર્યુ હતું. માધ્યમિક વિભાગમાં બલદાણીયા પૂર્વ (ધોરણ–૧૨) અને પ્રાથમિક વિભાગના આચાર્ય વિરાણી કુંજ (ધોરણ–૮) આચાર્ય બની સુંદર કામગીરી કરી હતી.

કાર્યક્રમના સમાપન પ્રસંગે સંસ્થાના સંચાલક દંપતી દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ હાજરી આપી પ્રેરક પ્રવચનો કર્યા હતા. સૌને અભિનંદન આપ્યા હતા. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૧૩૮/૨૦૨૫

**અરજદાર :** શ્રી ધાડિયા જયંતિભાઈ બાબુભાઈ
સરનામું : રહે. સુવાસ ટેનામેન્ટ, બી–૧૬ નિકોલ ગામ રોડ, અમદવાદ તા.જિ.અમદાવાદ.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ખીજડિયા ખારી, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડિયા ખારી ગામમાં અરજદારશ્રી **ધાડિયા જયંતિભાઈ બાબુભાઈ** તેઓના પુત્ર **અનિલકુમાર જયંતિભાઈ ધાડિયા**ની **જન્મ (તા.૧૨/૦૮/૧૯૮૩)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૪–૦૮–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૦૦ | ૮૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૭૦ |
| ૩ | તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૩૧ | ૧૫૭૫ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૫૬૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૯ | ૬૧૧ |
| ૭ | જુવાર | ૭૮૮ | ૭૮૮ |
| ૮ | મગ | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ૯ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |

# ચલાલા : ગાયત્રી એજયુકેશન ગૃપ દ્વારા શિક્ષક દિનની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ખાતે પુ. સંત ડો. રતિદાદાના આશીર્વાદ સાથે ગાયત્રી પરિવાર સંસ્કાર વિદ્યાયલય, રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ, સંસ્કૃત શકિત ગુરૂકુળ, હરિબા મહિલા કોલેજ ધ્વારા ૫ મી સપ્ટેમ્બર ડો. સર્વોપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિતે શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ, શાળા તથા ગુરૂકુળના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં તેઓ ખુબ તૈયારી કરીને આવ્યા હતા. નાના–નાના વિદ્યાર્થીઓએ શિક્ષકોની જેમ પિરિયડ લીધા, શિસ્ત જાળવી અને શૈક્ષણિક વાતાવરણ સર્જયુ. એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા સુંદર રીતે નિભાવી. આજના દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ આચાર્ય, કલાર્ક જેવા પદ પણ સંભાળ્યા અને આખા દિવસ માટે શાળાનું સંચાલન કર્યુ. વિદ્યાર્થીઓના અનોખા પ્રયાસને જોઈને સંસ્થાના શિલ્પી પુ. સંત ડો. રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન, શાળા, કોલેજ, ગુરૂકુળના આચાર્ય સહિત સ્ટાફગણે આનંદ અને ગર્વની લાગણી અનુભવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# અરે વાહ : લાઠીનાં જરખીયાથી હરિપર માર્ગ ઉપર ૨ કરોડનાં ખર્ચે પુલ બનાવાશે

## વાહનચાલકોએ ધારાસભ્યનો આભાર માન્યો

અમરેલી, તા. ૮

લાઠી-દામનગર અને બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ પોતાના મતવિસ્તારમાં વિકાસ કાર્યોને વેગ આપવા માટે એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે લાઠીના જરખીયા-હરીપર જોડતા માર્ગ પર નવો પુલ બનાવવા માટે રૂ. ૨ કરોડ મંજૂર કરાવ્યા છે. આ નિર્ણયથી આસપાસના ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે અને તેઓએ ધારાસભ્ય અને



ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો છે. આ નવા પુલના નિર્માણથી જરખીયા અને હરીપર સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન આ માર્ગ પર પાણી ભરાવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે હવે દૂર થશે. સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, ધારાસભ્ય હંમેશા લોકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રહ્યા છે અને આ પુલના નિર્માણથી તેમની લાંબા સમયથી પડતર માંગણી પૂર્ણ થઈ છે. આ વિકાસકાર્ય માટે તેમણે ધારાસભ્ય અને રાજય સરકારનો આભાર માન્યો હતો.

### મુખ્ય ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતરની ઉપસ્થિતિમાં

# બાબરા : પંચશીલ શાળામાં ગણેશ વિસર્જન સાથે ઈનામ વિતરણ કરાયુ

## વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ

બાબરા, તા. ૮

બાબરા ખાતે આવેલ પંચશીલ સ્કુલમાં ૬/૯/૨૦૨૫ ને શનિવારના રોજ ધામધૂમ પૂર્વક ગણેશ વિસર્જન અને ઈનામ વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી અને શાળામાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા અને રાખડી સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શિક્ષકદિનમાં જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે તમામ વિભાગના વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. ત્યારબાદ શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર અને તેમના પિતા રમેશભાઈ ધ્વારા શાળાના બાલવાટિકાથી ધોરણ ૧૨ સુધીના તમામ





વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રાસ ગરબા રમીને ગણેશ વિસર્જનમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળના તમામ શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બગસરા મંડળી દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કાર્યક્રમ યોજાયો



બગસરા, તા.૮

બગસરા નાગરિક શરાફી મંડળી લિ.ની સ્થાપના જેમના વિચારોથી થયેલ એવા જૂના જનબંધી અને રાજકોટ નાગરિક બેંકના સ્થાપક ચેરમેન અરવિંદભાઈ ૪૩મી પુણ્યતિથિ નિમિત્તે મંડળી દ્વારા દર વર્ષની જેમ ધોરણ ૧ થી ૮ના દત્તક વિદ્યાર્થીનીઓને અરવિંદભાઈ મણિયારની સ્મૃતિ નિમિત્તે અત્રેની કન્યાશાળા ખાતે શૈક્ષણિક કીટ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયેલ આ સાથે વિદ્યાર્થીઓને જનરલ નોલેજ કિવઝ કોમ્પિટિશનનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. આ યોજાયેલ શૈક્ષણિક કીટ સમારોહમાં મંડળીના જનરલ એમ.ડી. નિતેશ ડોડીયા, બગસરા શાખાના એમ.ડી. મહેશભાઈ વ્યાસ, ડિરેકટર સુરેશભાઈ પાઘડાળ, રામજીભાઈ અમરેલી, મેઘાણી હાઈસ્કુલના પ્રિન્સિપાલ વિનોદભાઈ જેઠવા, પ્રસિધ્ધ કવિ સ્નેહી પરમાર, એડવાઈઝરી બોર્ડ વીણાબેન સરવૈયા, હેતલબેન કટેશીયા, કન્યાશાળાના આચાર્ય હેમાંશુભાઈ છાટબર, તાલુકા શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દુધરેજીયા, શાળા નંબર ૪ આચાર્ય દર્શનભાઈ ઠાકર જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા ઉપસ્થિત રહેલ તેમ આસિસ્ટન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી જણાવે છે.

### મુસાફર વર્ગનાં હિતમાં કરો કામગીરી

# સાવરકુંડલાનાં નેસડી રોડ ઉપર સગવડદાયક પીકઅપ સ્ટેન્ડ જરૂરી

## વૃધ્ધ અને મહિલા મુસાફરોનું હિત વિચારો

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા નેસડી રોડ પર ચલાલા, ધારી, બગસરા, જુનાગઢ, વિસાવદર, સત્તાધાર, બિલખા, જેતપુર વગેરે શહેરો તરફ અહી સાવરકુંડલાથી વાયા ચલાલા તરફથી શહેરો તરફ જવા માટે સાવરકુંડલાના નેસડી રોડ પર હાલ કોઈ સુવિધાસભર પિકઅપ બસ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ નથી. લોકો અહીંથી વરસાદ તડકો અને ઠંડીમાં પણ ઠીઠુરીને બસ પકડે છે. ઘણીવખત તો બસ મોડી હોય કે કેન્સલ હોય ત્યારે વૃધ્ધજનો અને બાળકો સાથે મહિલાઓની હાલત પણ કફોડી હોય છે. એ ધગધગતા તાપ કે ધોમ વરસતાં વરસાદ વચ્ચે પણ નાછૂટકે અહીં નેસડી રોડ પર મુસાફરો બસનો ઈંતેજાર કરતાં જોવા મળે છે.



નગરપાલિકા દ્વારા આ વિસ્તારના લોકોની સહુલિયત માટે અહીં સુવિધા યુક્ત શૌચાલય સાથેનું એક પીકઅપ બસ સ્ટેશનની તાતી આવશ્યકતા છે. જયારે વિકાસની જ વાત છે તો આ નેસડી રોડ પર એક સુવિધાસભર એસ. ટી. પિકઅપ બસ સ્ટેશન બને તો વિકાસની વાતો પણ ઘણી સાર્થક બને. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા આ સંદર્ભે અંગત રસ લઈને નેસડી રોડ પર સુવિધા યુક્ત એસ. ટી. પિક બસ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

### ઈદે મિલાદુ નબી તહેવાર નિમિત્તે

# સાવરકુંડલાના દવાખાનામાં દર્દીઓને ફ્રૂટનું વિતરણ કરાયું





સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા ખાતે ઈદે મિલાદુ નબીના અવસર પર શહેરના તમામ દવાખાના દર્દીઓમાં ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું.

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમંદ પયગંબરના જન્મ દિવસ નિમિતે પીર સૈયદ મુનિરબાપુ કાદરીની રાહબરી નીચે શહેરના તમામ ખાનગી અને સરકારી અને સંસ્થાકીય દવાખાનામાં દાખલ દર્દીઓને ફ્રૂટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ ફ્રૂટ વિતરણ વ્યવસ્થામાં અલીભાઈ જાખરા, ઈકબાલ ગોરી, અક્રમ ખોખર વિગેરે સભ્યો દવા ફ્રૂટ વિતરણ કરવામાં આવેલ.

# લીલીયામોટા ખાતે લોકદ્રષ્ટિ ચક્ષુબેંકની નેત્રરક્ષા મુહિમ શરૂ





લીલીયા, તા. ૮

લીલીયા તાલુકામા નેત્રદાન, દેહદાન અંગદાનના પ્રચાર પસાર માટે લીલીયા તાલુકાના ગામોના લોકો માટે માનવતાવાદી ભગીરથ કાર્યમા સહભાગી થવા માટે નેત્રદાન જાગૃતિ પખવાડિયામાં શુભારંભ લોકદ્રષ્ટ્રી ચક્ષુબેંક લીલીયા નેત્રદાન આપવા- લેવા માટે સંપર્ક લોકદ્રષ્ટ્રી ચક્ષુબેંક લીલીયા પ્રમુખ ડો પ્રફુલભાઈ શિરોયા, ઉપ પ્રમુખ ઓપ્થલમિક આસી દિનેશભાઈ જોગાણી, ડો જયંતિભાઈ કુંભાણી, વિજયભાઈ ભાલાળા, અરવિંદભાઈ વામજા સહિતનાં સ્વયંમ સેવીનો સંપર્ક કરવા અનુરોધ કરાયો લીલીયા તાલુકામાં નેત્રદાન જાગૃતિ અભિયાન સંકલ્પમાં સૌ જોડાયા નેત્રદાનનો પ્રથમ સંકલ્પ ડો જયંતીભાઈ કુંભાણી દ્વારા લેવાયો નેત્ર પ્રત્યારોપણ માટે આર્થિક સહયોગની તૈયારી નટુભાઈ વસોયા અકાળાવાળાએ દર્શાવી નેત્ર પ્રત્યારોપણ કરાવવા સુરત સ્થિત અમરેલી જિલ્લાના મહાનુભાવો આર્થિક સહયોગ આપશે અમરેલી જિલ્લા હોમગાડર્સ કમાન્ડન્ટ રોહિતભાઈ મહેતા, અશોકભાઈ જોશી પૂર્વ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ, અશોકભાઈ કાકડિયા, કાળુભાઈ સાવજ, હસુભાઈ ડાવરીયા, લાભુબેન વસોયા, ગૌરીબેન ગજેરા, એકલારા રાજયગુરૂ, નટવરભાઈ ભાતીયા દામનગર, વિઠ્ઠલભાઈ માંદલીયા અમરેલી, જયેશભાઈ ઠાકર લાઠી, અનિલભાઈ નાથ, રામભાઈ જાદવ, હિમાલય ઠાકર (રામનાથ પેટ્રોલ પમ્પ) ઉકાભાઈ લાડોલા, આરિફભાઈ રવાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા લોકદ્રષ્ટ્રી ચક્ષુબેંકના પ્રમુખ ડો પ્રફુલભાઈ શિરોયાએ આ તકે સર્વને શુભેચ્છા પાઠવી હતી સમારંભમાં ઓપ્થેલ્મિક આસી ઉપપ્રમુખ દિનેશભાઈ જોગાણીએ નેત્રદાન વિશે પૂરતી જાણકારી આપી નેત્રદાન શા માટે નેત્રદાન કોણ કરી શકે નેત્રદાનનો લાભ કોને મળી શકે હાલની નેત્રદાનની જરૂરિયાત વિશે માહિતી આપી અને ઉપસ્થિત લોકોને દિનેશભાઈ જોગણીએ નેત્રદાન અંગે મુજવતા પ્રશ્નોથી સર્વને અવગત કર્યા હતા લોકદ્રષ્ટ્રી ચેરિટેબલ ટ્રસ્ટ સુરત ગુજરાતમા ૨૭ વર્ષથી સેવાકાર્યો જાગૃતિ કાર્યક્રમ તેમજ વિવિધ સંસ્થાઓના સહયોગથી માનવતાવાદી કાર્યો નેત્ર નિદાન, ચશ્મા શિબિર, મોતિયાના ઓપરેશન સર્વરોગ નિદાન બી.પી.ની તપાસ ડાયાબિટીસની તપાસ જેવા આરોગ્યલક્ષી કાર્યથી સર્વને અવગત કર્યા હતા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ એચ.આઈ.વી એઈડ્સ અટકાયત માટે પ્રોજેક્ટ ૧૫ વર્ષથી કાર્યરત છે આ સંસ્થાના પ્રમુખ ડો પ્રફુલભાઈ શિરોયાને સંસ્થાની બેનમૂન સેવા બદલ ચાર ચાર વાર ભારતના રાષ્ટ્રપતિના વરદહસ્તે એવોર્ડ મેળવેલ છે અને ૧૭૭ વાર રકતદાન કરી ચૂકયા છે તેમજ દિનેશભાઈ જોગાણીએ ૬૦ વાર રક્દાન કરેલ છે લીલીયા મોટા ડો.તોમર, ભનુભાઈ ડાભી, નિતિનભાઈ ત્રિવેદી, જીવનભાઈ વોરા, યોગેશભાઈ દવે, પરીનભાઈ સોની, વિજયભાઈ કોગથીયા, રમેશભાઈ ભડકોલીયા, રમેશભાઈ પરમાર, અજયભાઈ વીરાણી, કનુભાઈ ગોહિલ, રૂપાભાઈ ભરવાડ, કેપ્ટન ધામત, રાજુભાઈ સાપરીયા, મનિશભાઈ દેસાઈ, કિરીટભાઈ રવાણી, જયેશભાઈ ઉનડકટ, કમલેશબાપુ અગ્રાવત, દિનેશભાઈ સંગતાણી, વિજયભાઈ ભાલાળા, અરવિંદભાઈ વામજા, રાઘવભાઈ રામોલીયા અન્ય ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ સમારંભના અંતે આભાર વિધિ ડો જયંતીભાઈ કુંભાણી દ્વારા કરવામાં આવેલ આ તકે જણાવ્યું કે સૌના સહકારથી ડો પ્રફુલભાઈ જેવા પ્રેરણાદાયી મહાનુભાવના માર્ગદર્શનથી ગુજરાતમાં અમરેલી જિલ્લામા પણ નેત્રદાન જાગૃતિને વેગવંતી કરી કાળી કીકીના કારણે અંધત્વ ભોગવતા લોકોને નેત્રદાનનો લાભ મળે તેવો સંકલ્પ આ તકે કર્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.







# ધારીમાં ભાજપનો પ્રશિક્ષણ વર્ગ : કાર્યકર્તા ઘડતર અને સંગઠન મજબુતીનો સંકલ્પ

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાના ધારી વિધાનસભા વિસ્તારમાં તરસીંગડા ખાતે લાયન્સ ડેન રિસોર્ટ પર ગુજરાત પ્રદેશ ભાજપના માર્ગદર્શન હેઠળ શક્તિ કેન્દ્ર સંયોજક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા ભાજપના નેતાઓએ હાજરી આપીને કાર્યકર્તાઓને સંગઠનના મૂલ્યો, કાર્ય પદ્ધતિ અને ભવિષ્યના સંકલ્પ અંગે માર્ગદર્શન આપ્યું.

કાર્યક્રમમાં જણાવાયું કે પ્રશિક્ષણ વર્ગ દ્વારા કાર્યકર્તાઓનું ઘડતર થાય છે અને સંગઠન મજબૂત બને છે. સંગઠનનો વિકાસ તળિયાના કાર્યકર્તાઓના સમર્પણ અને એકતા પર આધારિત છે. ભાજપના નેતાઓએ જણાવ્યું કે દરેક કાર્યકર્તા પક્ષના વિચારધારા સાથે સમાજ સેવા માટે અડગ રહી કાર્ય કરે, તો સંગઠન વધુ સશક્ત બનશે.

ધારી વિધાનસભા ક્ષેત્રના વિવિધ શક્તિ કેન્દ્રોના સંયોજકો અને





કાર્યકર્તાઓએ પ્રશિક્ષણ વર્ગમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્ગ દરમિયાન પક્ષની આગાહી, ચૂંટણી વ્યવસ્થાપન, સામાજિક જોડાણ અને પ્રચારના નવનવા માધ્યમો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ પ્રશિક્ષણ વર્ગ દ્વારા ભાજપે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને કાર્યકર્તાઓમાં નવી ઊર્જા પ્રેરવા સંકલ્પ કર્યો.

### ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોનાં હિતમાં

# જીએસટીમાં ઘટાડો કરવા બદલ પ્રધાનમંત્રીને શુભેચ્છા પાઠવતા અતુલ કાનાણી

## શિક્ષણ અને વીમામાંથી જીએસટી ઘટાડવાનુ યોગ્ય

અમરેલી, તા. ૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પંદરમી ઓગસ્ટે કરવામાં આવેલ સંબોધન મુજબ કેન્દ્ર સરકાર દ્વારા દેશની જનતાને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશનાં નાણાંમંત્રી નિર્મલા સિતારમણની અધ્યક્ષતામાં મળેલ જીએસટી કાઉન્સિલની બેઠકમાં દેશની જનતાને રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જનતાના હિતમાં વખતોવખત તેમાં જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

પ્રધાનમંત્રી મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે લોકોનાં હિતમાં અગત્યનો લેતાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સમાં ૧૨ થી ૨૮%ના સ્લેબને સંપૂર્ણ સમાપ્ત કર્યો છે. હવેથી ફકત ૫ થી ૧૮% સુધીનાં દર લાગું રહેશે. નવા દરો આવતી ૨૨ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે.

દેશનાં ઔદ્યોગિક એકમો, વેપાર ક્ષેત્રો, નાનાં કારખાનેદારો, સર્વિસ સેક્ટર સહિત વિવિધ ક્ષેત્રોમાં ખૂબ મોટી અસર કરનારા આ નિર્ણયથી જન સામાન્યને મોટો ફાયદો થશે.

શિક્ષણ ક્ષેત્રને પ્રાધાન્ય





આપતાં સરકારે પેન્સિલ, રબર, શાર્પનર, મેપ, ચાર્ટ, એક્સર્સાઈઝ બુક, નોટબુક વગેરે અભ્યાસનાં અગત્યના સાધનો પર જીએસટી નાબૂદ કરવામાં આવ્યો છે. લોકલાગણીને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે પર્સનલ હેલ્થ ઈન્સ્યોરન્સ અને લાઈફ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ પરથી જીએસટી રદ કરવામાં આવ્યો છે.

ટ્રેક્ટર અને તેને લગતી ખેતીનાં સાધનો પર ટેક્સ ઘટાડવામાં આવતાં ખેડૂતોને રાહત મળશે. કૃષિ સંબંધિત ઉત્પાદનો સાથેજ રોજબરોજ ઉપયોગમાં લેવાતી ઘર વપરાશની ચીજવસ્તુઓ પણ સસ્તી થશે, હેલ્થ એન્ડ મેડિકલ રિલેટેડ પ્રોડક્ટ્સ, ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ, મોબાઈલ, ઓટો મોબાઈલ સેક્ટર, સાયકલ, મોટરસાયકલ, કાર સહિતની વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે.

કેન્દ્ર સરકારનાં આ મહત્વપૂર્ણ નિર્ણયને વધાવતા અમરેલી જીલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નાણામંત્રી નિર્મલાને અભિનંદન પાઠવ્યાં છે, આ નિર્ણયથી દિવાળી પહેલાં બજારમાં દિવાળી જેવો માહોલ જોવા મળશે. લોકોની સુખાકારીને લક્ષ્યમાં રાખતાં પ્રધાનમંત્રી મોદીના વિઝન અને મિશનને સલામ કરવી ઘટે તેમ જિલ્લા ભાજપા પ્રમુખ અતુલ કાનાણીએ જણાવેલ છે.

### કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

# જાફરાબાદનાં બલાણા ગામની યુવતીએ હાથની નસ કાપી નાખી

## યુવતીનું મોત થતાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૮

જાફરાબાદ તાલુકાના બલાણા ગામે આવેલ અમૃત તાલીમની બાજુમાં રહેતી દક્ષાબેન ભીખાભાઈ બારૈયા નામની ૨૨ વર્ષિય યુવતીએ ગત તા. ૭ ના રોજ આશરે સાડા ત્રણેક વાગ્યા પહેલાના સમયે બલાણા ગામે પોતે પોતાની મેળે બકાલુ કાપવાની છરી પોતાના ડાબા હાથના કાંડા ઉપર મારી પોતાના હાથની નસો કાપી નાંખતા વધુ લોહી વહી જવાના કારણે તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ગાયત્રી મંદિર નજીક આવેલ

# અમરેલી સિધ્ધિવિનાયક ગણેશ મંદિર ખાતે હનુમાન ચાલીશાનો પ્રારંભ

## હિન્દુ આગેવાન ડો. જી. જે. ગજેરા તથા દડુભાઇ ખાચર વગેરે રહ્યા ઉપસ્થિત

અમરેલી, તા. ૮

અમરેલી શહેરની સિદ્ધિવિનાયક સોસાયટીમાં આવેલ ગણપતિ મંદિરે દર શનિવારે યોજાતા હનુમાન ચાલીશા કેન્દ્ર અંતર્ગત ગત શનિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ભકિતમય વાતાવરણમાં હનુમાન ચાલીશાનું પઠન કરવામાં આવેલ હતું. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. જી.જે. ગજેરા તથા એડવોકેટ દડુભાઈ ખાચર ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના પ્રાંસગીક ઉદ્બોધનમાં જણાવેલ કે, સમૂહમાં કરવામાં આવતું હનુમાન ચાલીશાનું પઠન સમાજમાં ભકિત, શાંતિ, સંગઠન, એકતા અને સકારાત્મક ઊર્જા પ્રસારે છે. આવા કાર્યક્રમો સમાજ જીવનને વધુ સુખ-શાંતિમય બનાવવા માટે અત્યંત આવશ્યક છે. અને આગામી સમયમાં દર શનિવારે નિયમિત રીતે હનુમાન ચાલીસા કેન્દ્રમાં આયોજન થશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સિદ્ધિવિનાયક સોસાયટીના આગેવાનો તથા તમામ ભાઈ-બહેનો ખૂબજ શ્રધ્ધા, ઉમંગ અને સેવા-ભાવ સાથે જોડાયા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતિએ ગણપતિ મંદિર તરફથી ગણપતિ મહોત્સવ નિમિત્તે આઈસક્રીમ તથા પ્રસાદીનું પણ આયોજન લલિતભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.




## પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. કાનાબારે સ્વદેશીનો નારો બુલંદ કર્યો

# અમરેલીમાંથી અમેરિકાની ટેરીફ નીતિ સામે ઉઠયો અવાજ

**સ્વદેશી શીતલ આઈસ્ક્રીમ કંપની તેમની પ્રોડક્ટ ઉપર કેસરી સિમ્બોલ અને આત્મનિર્ભરનો લોગો લગાવશે**

**દેશની તમામ કંપનીઓએ સ્વદેશીની ઓળખ માટે કેસરી સિમ્બોલ લગાવવા હાંકલ કરવામાં આવી**

**દેશની જનતાં સ્વદેશી અને વિદેશી વસ્તુની ઓળખ મેળવી શકે તે માટે ઓળખ સ્થાપિત કરવા હાંકલ**

**શીતલ આઈસ્ક્રીમ ફેક્ટરી ખાતે ડો. કાનાબાર અને અનુકંપા ફાઉન્ડેશન દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ**









અમરેલી, તા. ૮

અમરેલી શહેરમાંથી શરૂઆત થયેલી અનેક બાબત બાદમાં રાજય અને દેશ લેવલ સુધી પહોંચી છે. ત્યારે તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત ઉપર ૫૦ ટકા સુધીનો ટેરિફ લાદી દેતા દેશભરમાંથી સૌ પ્રથમ અમેરિકાની કંપની દ્વારા વેચાતી પ્રોડકટનો બહિષ્કાર કરવા અંગેનો વિરોધ પ્રથમ અમરેલીમાંથી ઉઠયો હતો. તે બાદમાં દેશભરમાં પ્રસરી જવા પામેલ છે.

હાલમાં દેશવાસીઓ જાણ્યે અજાણ્યે પણ સવારના ટૂથપેસ્ટથી લઈ સાંજે સુતા પહેલાં અનેક વિદેશી વસ્તુઓનો ઉપયોગ કરતાં હોય છે. ત્યારે સામાન્ય જનતાને પણ ખબર પડે કે તેઓ જે ચીજવસ્તુઓ વાપરે છે તે સ્વદેશી છે. તે માટે થઈ અમરેલીના અનુકંપા ફાઉંડેશન દ્વારા એક સુજાવ મુકયો હતો કે જે રીતે વેજિટેરિયન અને નોન વેજિટેરિયન વસ્તુઓ માટે સિમ્બોલ છે તેવો જ એક કેસરી સિમ્બોલ ભારતમાં બનતી તમામ ચીજવસ્તુઓ ઉપર લગાવવામાં આવે.

ત્યારે અમરેલીના અનુકંપા ફાઉંડેશન દ્વારા કરવામાં આવેલ સુજાવનો ભારતભરમાં સૌ પ્રથમ અમલ પણ અમરેલીની જ એક પ્રાઈવેટ કંપનીમાંથી શરૂઆત કરવામાં આવેલ છે. ત્યારે આ કંપની પોતાની ૪૫૦થી પણ વધુ પ્રોડકટ ઉપર આ પ્રમાણે કેસરી સિમ્બોલ અને આત્મનિર્ભર ભારતનો ફાઉંડેશન દ્વારા બનાવેલ લોગો લગાવવાની શરૂઆત

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પીજીવીસીએલનાં અધિકારીઓ આળશ ખંખેરે

# બાબરાનાં શિવપાર્કમાં માર્ગને અડચણરૂપ બનતા વીજપોલને હટાવી લેવા માંગ થઈ

**લોકશાહીમાં લોકોની વ્યાજબી માંગનો ઝડપથી ઉકેલ જરૂરી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં નગરપાલિકા વિસ્તારના શિવપાર્કમાં આવેલ માર્ગ વીજપોલ ત્રણ જેટલા બીન જરૂરી ઉભા છે. જેને હટાવવા માટે પીજીવીસીએલ વિભાગ આળસ કરી રહ્યું છે. સ્થાનિક વેપારીઓ ધ્વારા અનેકવાર રજુઆત કરવા છતાં વીજ તંત્ર ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

અહી રાજકોટ, ભાવનગર રોડ પર અને આ વિસ્તારના આવેલ માર્કેટિંગયાર્ડ અને ખાનગી હોસ્પિટલમાં જવા માટે વાહનને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે તેમજ અહી વેપારીઓને ત્યાં આવતા નાના મોટા વાહનને અંદર લેવામાં આ વીજપોલ ખુબજ નડતર રૂપ બન્યા છે. ત્યારે તાત્કાલિક અસરથી વીજ તંત્ર આ નડતરરૂપ વીજપોલ હટાવે તેવી માંગણી અહીના વેપારીઓ ધ્વારા કરવામાં આવી છે.

## ઉપલા અધિકારીઓનાં માનસિક ત્રાસથી શરૂ કરેલ

# અમરેલીમાં એસ.ટી.નાં 3 કર્મચારીઓએ આંદોલનનાં ભાગરૂપે અન્નજળનો ત્યાગ કર્યો

**જો ન્યાય ન મળે તો આત્મવિલોપનની ચીમકી આપી**



અમરેલી, તા. ૮

અમરેલીમાં ત્રણ એસ.ટી. કર્મચારીઓ દ્વારા શરૂ કરાયેલ ઉપવાસ આંદોલન હાલ તીવ્ર સ્વરૂપ ધારણ કરી ચૂકયું છે. ઉપરી અધિકારીઓના ત્રાસથી પીડાતા ત્રણેય કર્મચારીઓ છેલ્લા છ દિવસથી કલેકટર કચેરી ખાતે ઉપવાસ આંદોલન પર બેઠા છે. છઠ્ઠા દિવસે કર્મચારીઓએ અન્નજળનો ત્યાગ કરતા પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી. કર્મચારીઓએ સ્પષ્ટ ચીમકી આપી કે જો

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)